શિક્ષણનું ગુણવત્તાલક્ષી સર્વવ્યાપીકરણ એ જ આપણો સંકલ્પ

અંક ૭

# મૈત્રી

તંત્રી : ડૉ. એ. વી. પટેલ
સહતંત્રી : શ્રી એસ. એચ. પટેલ
શ્રી આર. કે. પટેલ

ઓક્ટોબર ૨૦૦૮



## મારું જીવન એજ મારો સંદેશ

## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન

સંતરામપુર જિ. પંચમહાલ

## પ્રાથમિક શિક્ષણનું નવલું નજરાણું



વર્ષ : ૨
અંક : ૭

# મૈત્રી
## સામયિક

ઑક્ટોબર-
૨૦૦૮



**સંપાદન**

તંત્રી શ્રી : મૈત્રી / જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સંતરામપુર જી. પંચમહાલ



**સંપાદક મંડળ**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સંતરામપુરનો પરિવાર


**લેખકોને :........**

- શિક્ષકોને પ્રેરણાદાયી બને તેવા મૌલિક, સરળ ભાષામાં લખાયેલા અનુભવજન્ય, તલસ્પર્શી, અભ્યાસપૂર્ણ ટૂંકા, લેખો આવકાર્ય છે.
- લેખો હસ્તાક્ષરમાં સફેદ કાગળ ઉપર એક જ બાજુએ જોડણીની ભૂલો વગરના હોય તે ઇચ્છનીય છે.
- લેખ પાછા મોકલવામાં આવતા નથી.
- લેખ, પત્રવ્યવહાર અને સમાચાર મોકલવાનું સરનામું સિ. લે. ડૉ. એ. વી. પટેલ જિ.શિ. અને તા. ભવન સંતરામપુર, જિ. પંચમહાલ

**સાંકળિયું**


| | | |
|---|---|---|
| ૧. પ્રસ્તાવના - | શ્રી આર. ડી. વણકર | ૧ |
| ૨. તંત્રીસ્થાનેથી - | ડૉ. એ. વી. પટેલ | ૨ |
| ૩. સ્ટુડન્ટ એચીવમેન્ટ પ્રોફાઈલ | ડૉ. એ. વી. પટેલ | ૩ |
| ૪. ૧૦૦૧ થી ૨૦૦૦ ના | જિજ્ઞેશકુમાર એન. પટેલ | ૪ |
| ૫. વામનમાંથી વિરાટ | પટેલ દિપિકાબેન જે. | ૫ |
| ૬. “मनः एव मनुष्याणाम | ડૉ. એ. વી. પટેલ સાહેબ | ૬ |
| ૭. સફળતા | પટેલ કિરણકુમાર નરોત્તમદાસ | ૮ |
| ૮. નોટબુકમાં નોંધવા જેવું | પટેલ કિરણકુમાર એન. | ૯ |
| ૯. સમય નથી | વાળંદ ચેતનકુમાર એસ. | ૧૦ |
| ૧૦. એક અનોખો શિક્ષકધર્મ | ચાવડા દક્ષાબેન ભારતસિંહ | ૧૩ |
| ૧૧. બાળકોની જિજ્ઞાસા | સુધાબેન એમ. પટેલ | ૧૪ |
| ૧૨. ગુણવત્તાલક્ષી શિક્ષણ | વિજયકુમાર આર. માછી | ૧૫ |
| ૧૩. લીયો ટોલ્સ્ટૉય | શ્રી કૌશિકકુમાર ડી. પટેલ | ૧૮ |
| ૧૪. ચિંતનદીપ | શરદ એચ. પટેલ | ૨૧ |
| ૧૫. “ઓપનબુક એકઝામ- | એસ. એસ. ભાટી | ૨૨ |


## સુખ અને દુ:ખ સાપેક્ષ છે

ગુરુ-શિષ્ય આશ્રમના બગીચામાં સાથે ફરતા હતા. બગીચાના અમુક ભાગમાં ગુલાબના છોડ વાવેલા હતા. જુદા-જુદા રંગીન સુંદર ગુલાબો ખીલેલા હતા અને તેની મંદ સુગંધ પણ આવતી હતી.

ગુરુ અચાનક ઊભા રહી ગયા અને ગુલાબના ફૂલો સામે જોઈ રહ્યા. પછી તેમણે શિષ્યોને પૂછ્યું આ ગુલાબનાં ફૂલ જોયાં ? જોઈને તમને શું વિચાર આવે છે ?

એક શિષ્ય કહે, કેટલાં સુંદર રંગના ગુલાબો કાંટાની વચ્ચે પણ ખીલ્યા છે અને તેમની સુગંધ પ્રસરાવે છે.

બીજો શિષ્ય કહે આટલા સુંદર ગુલાબો છે પણ તેમને કાંટા વચ્ચે ખીલવું પડે છે.


ગુરુ બંને શિષ્યોના વિચારો અને ભાવને સમજી ગયા. પહેલા શિષ્યની દૃષ્ટિ હકારાત્મક હતી. જ્યારે બીજા શિષ્યની દૃષ્ટિ નકારાત્મક હતી.

ગુરુ કહે, ગુલાબના રક્ષણ માટે ભગવાને કાંટા રાખ્યા છે જેથી ગુલાબની સુંદરતા ઓર વધે છે.

આવું જ જીવનમાં છે. દુ:ખને કારણે સુખનું મૂલ્ય સમજાય છે. જો દુ:ખ જ ન હોય તો સુખની મહત્તા આપણને ન સમજાય. આપણને ગરમીને લીધે ઠંડીની શીતળતા ગમે છે. જો ફક્ત ઠંડી જ હોય તો ગરમીનું મૂલ્ય શું છે એ આપણને ન સમજાય. દિવસે સૂર્યપ્રકાશ હોય છે. પરંતુ જો રાત્રીનો અંધકાર ન હોય તો તે પ્રકાશનો મહિમા આપણને ન સમજાય. માટે જીવનમાં સુખ અને દુ:ખ સાપેક્ષ છે. જેમ સિક્કાની બે બાજુઓ છે. કાંટા અને બાગા. માટે જે સુખ અને દુ:ખ પરમાત્મા આપણને આપે તે આપણે સ્વીકારવા જ રહ્યાં.

સ્વર્ણિમ ગુજરાત
૧૯૬૦-૨૦૧૦

# પ્રસ્તાવના



**વ્હાલા ગુરૂજનો,**

''દિ વાળે એ દિવાળી'' પ્રકાશના તહેવારને આનંદપૂર્વક ઉજવી નવા સત્રમાં આપણે ફ્રેસ થઈને શાળામાં આવ્યા છીએ ત્યારે તમામ બાળદેવો અને ગુરૂજનોને નૂતનવર્ષની શુભકામના. આપની સપરિવાર તંદુરસ્તી જળવાઈ રહે અને શાળામાં પરિવારની જેમ આનંદ, ઉલ્લાસ અને એક આગવા ધ્યેય સિદ્ધ કરવાની નેમ સાથે કાર્ય કરી શકીયે તેવી પ્રભુ તમામને શક્તિ, પ્રેરણા અને દૃષ્ટિ તેમજ વિચારો આપે તેવી વિભુને વંદના.

નવા સત્રમાં એડેપ્સ કાર્યક્રમ, સ્કાઉટ ગાઈડનો કાર્યક્રમ, ઝાડ કાર્યફળ એડોલેશન એજ્યુકેશન અવરનેસ કાર્યક્રમ અને સ્કુલ ગ્રેડેશન જેવા અનેક નવા કાર્યક્રમો આવી રહ્યા છે. આપણે સૌ ઉત્સાહપૂર્વક નિષ્ઠાથી આ કાર્યમાં જોડાઈ જઈએ. અને આપણા શિક્ષકત્વને દિપાવીયે. વેકેશન અગાઉ અપાયેલ તાલીમ ને ભૂલી ન જતાં એ સાહિત્ય અને લખાણો શોધીને ફરીથી તેનું વાચન કરીએ અને સાચા અર્થમાં એક શિષ્ય ને તૈયાર કરવા માટેનો આપણો ગુરૂધર્મ બજાવીયે. બાળરમતોત્સવ, બાળમેળા અને વિજ્ઞાનમેળાઓની ઉજવણી કરીને તેમાંથી પણ આપણે કંઈક શીખ્યા તેનો ઉપયોગ કરીયે. બાળકને શાળાએ આવવાનું ગમે, ભણવાનું ગમે અને શાળામાં ટકવાનું ગમે તેવું શાળાનું આંતરીક અને બાહ્ય વાતાવરણ અને ભાવાવરણ તૈયાર કરીને શાળાને સાચા અર્થમાં સરસ્વતીનું ધામ બનાવીએ.

**આર. ડી. વણકર**
**પ્રાચાર્ય**
**ડાયટ, સંતરામપુર**

સ્વર્ણિમ ગુજરાત
૧૯૬૦-૨૦૧૦

# તંત્રી સ્થાનેથી

સુજ્ઞ સારસ્વતમિત્રો,

સૌને નૂતન વર્ષની શુભેચ્છાઓ, આપ સૌની સાચી અને સારી મનોકામનાઓ પૂર્ણ કરવામાં અને બાળદેવોની શૈક્ષણિક ગુણવત્તાનું સર્વવ્યાપીકરણ કરવામાં પરમકૃપાળુ પરમાત્મા આપને મદદરૂપ બની રહે અને આપની સપરિવાર મનદુરસ્તી, તંદુરસ્તી અને આનંદ ઉમંગ જળવાઈ રહે તેવી દિલની શુભેચ્છાઓ.

દિવાળી વેકેશન બાદ તરોતાજા થઈને આવેલ બાળકોને કંઈક નવુ પીરસીયે તે માટે આપણે સ્કાઉટ અને ગાઈડની ૧૦૦ ટૂપ ઊભી કરી છે. હજુ ધો. ૭ની તમામ શાળાઓ સુધી આ પ્રોજેક્ટ લઈ જવા માગીયે છીએ. સ્કુલ એચિવમેન્ટ પ્રોફાઈલ (SAP) સ્કુલ-ગ્રેડેશન પ્રોજેક્ટ અંતર્ગત ધો-૪ અને ધો-૭ના તમામ બાળકોની સંશોધનાત્મક કસોટી લઈ રહ્યા છીએ. ત્યારે આ કસોટીનાં પરિણામો આપણને એક નવી દિશા ચિંધશે તેમાં બે મત નથી.

આપણી શાળા સ્વર્ગ સમાન તમામ ક્ષમતાઓથી ભરપૂર બને અને આપણે બાળદેવો સહિત તેમાં કિલ્લોલ કરતા રહી અનેક આયામો સર કરીયે તે માટે આજથી અવનવા સંકલ્પ લઈ તેને પૂર્ણ કરવા તરફ આગળ વધીયે. પ્રત્યેક જીવ માત્રમાં આત્મા અને શરીર જુદા હોવા છતાં એકજ સ્વરૂપ દેખાય છે તેમ શાળામાં શિક્ષક અને વિદ્યાર્થી, જુદા છે પરંતુ તેઓએ કરેલ સારા કાર્યો સિદ્ધિઓ એ અંતે તો શાળાનીજ એક સિદ્ધિ છે. આમ અમારી શાળા અમને ગમે સૌને ગમે તેવી સુંદર બનાવીયે તેવી શુભકામના.

**ડો. એ. વી. પટેલ**
**તંત્રી ''મૈત્રી''**
**ડાયટ, સંતરામપુર**

# સ્ટુડન્ટ એચીવમેન્ટ પ્રોફાઈલ (SAP)
# સ્કુલ ગ્રેડેશન પ્રોજેક્ટ-૨૦૦૮

ડૉ. એ. વી. પટેલ
ડાયટ, સંતરામપુર

સ્કુલ ગ્રેડેશન પ્રોજેક્ટ અંતર્ગત તારીખ ૬ ડીસેમ્બર ૨૦૦૮ના રોજ ધો-૪ અને ધો-૭ના તમામ વિદ્યાર્થીઓની કસોટી લેવામાં આવશે. GCERT ગાંધીનગરના માર્ગદર્શન મુજબ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરી ડિસ્ટ્રીક્ટ પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર કચેરીના સંયુક્ત સંકલનથી આ કસોટી યોજાનાર છે. તારીખ ૩ ડિસેમ્બરના રોજ જે તે તાલુકાની BRC કચેરી ઉપરથી પોતાની શાળાનાં કસોટી પત્રો શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓએ BRCC અને તાલુકા કેળવણી નિરીક્ષક પાસેથી CRCCની મદદથી રૂબરૂમાં મેળવવાનાં રહેશે. તારીખ ૬ ડિસેમ્બરના રોજ ૧૦.૦૦ થી ૧૧.૦૦ એક કલાક આ કસોટી લઈને તેજ દિવસે BRC કચેરી ઉપર બંધ કવરમાં કસોટીપત્રો પહોંચાડવાના રહેશે. કસોટી ૫૦ ગુણની છે. જેમાં ૫૦ કલમો છે. એક કલમનો એક ગુણ છે. પ્રત્યેક કલમના ચાર વિકલ્પ આપેલા છે. વિદ્યાર્થીએ સાચા વિકલ્પ ઉપર ✔ ખરાની નિશાની કરવાની રહેશે. આ કસોટી માટે ૧ કલાકનો સમય રહેશે.

- કસોટી ઉપર જિલ્લાનો અને તાલુકાનો કોડ છાપેલો હશે. શાળાનો કોડ જે-તે મુખ્યશિક્ષકે ચાર ડિઝીટમાં અંગ્રેજીમાં લખવાનો રહેશે.
- પ્રત્યેક કસોટી ઉપર સીરીયલમાં ક્રમબદ્ધ નંબર છાપેલા હશે.
- કસોટી બે કલરમાં છાપેલ છે.
- કસોટી ઉપર અન્ય કોઈ લખાણ, નિશાની કે સહી કરવાની નથી.
- કસોટીપત્ર ફાટે નહીં, તેની ગડી પડે નહીં કે કસોટીપત્ર બગડે નહીં તેની ખાસ કાળજી રાખવાની છે.
- કસોટી OMR પદ્ધતિથી કમ્પ્યુટર દ્વારા ચકાસવામાં આવશે. તેનાં પરિણામો અને એનાલીસીસનું સંપૂર્ણ કાર્ય કમ્પ્યુટર દ્વારા થનાર છે.
- કસોટીના ઉત્તર પેન, પેન્સીલ થી આપી શકાશે.
- કસોટીપત્રો કવરમાંથી કાળજીપૂર્વક કાઢવા અને કસોટી સમય પૂર્ણ થયા પછી લખેલ કસોટીપત્રો અને વધેલ કોરાં કસોટીપત્રો કાળજીપૂર્વક કવરમાં મૂકી કવર સેલોટેપથી સીલ કરવું.
- કવર ઉપર આપેલ તમામ માહિતી ભરવાની રહેશે.
- ધોરણ-૪ની કસોટીમાં ધો-૨ અને ૩ તેમજ ધોરણ-૪નો છમાસિક પરીક્ષા સુધીના ગુજરાતી-ગણિત અને પર્યાવરણ વિષયના અભ્યાસક્રમનો સમાવેશ થયેલ છે.
- ધોરણ-૭ની કસોટીમાં ધો-૫-૬ અને ધોરણ-૭નો છમાસિક સુધીનો સાત વિષયના અભ્યાસક્રમનો સમાવેશ થયેલ છે.
- આ એક સંશોધનાત્મક અભ્યાસ છે. આ કસોટી એ સંશોધન કસોટી છે. વિદ્યાર્થીઓની પરીક્ષા નથી.
- આ કસોટીના પરિણામોને વિદ્યાર્થીની શાળાની પરીક્ષાના પરિણામો સાથે કોઈ જ સંબંધ નથી.
- આ કસોટી ઉપર ક્યાંય વિદ્યાર્થીનું, શાળાનું કે તાલુકાના નામનો ઉલ્લેખ નથી અને કરવાનો પણ નથી.
- કસોટીના દિવસે ૬-૧૨-૦૮ને શનિવારે શાળાનો સમય રાબેતા મુજબનો રહેશે.
- કસોટીના દિવસે ધોરણ-૪ અને ધો-૭ના તમામ બાળકો હાજર રહે તેવા પ્રયત્નો કરવાના છે.
- શાળામાં કાર્યરત તમામ શિક્ષક ભાઈ-બહેનોએ આ દિવસે અચૂક ફરજીયાતપણે ઉપસ્થિત રહેવાનું છે.
- આ બાળકોની પરીક્ષા નથી એટલે બાળકો સરળતાથી સ્વસ્થ ચીત્તે કસોટીના જવાબો આપે તેવી સમજૂતી બાળકો, શિક્ષકો, વાલીઓને આપવાની છે અને પરીક્ષાનો ખોટો હાઉ ઊભો ન થાય તેની કાળજી રાખવાની છે.
- શાળાની સંખ્યા પ્રમાણે કોથળીમાં કસોટીપત્રો મૂકવામાં આવેલ છે.

- કદાચ વિદ્યાર્થીઓની સંખ્યા કરતાં કસોટીપત્રોની સંખ્યા ઓછી નીકળે તો જેટલા કસોટીપત્રો હોય તેટલા બાળકોની કસોટી લેવી, કસોટી પત્રની ઝેરોક્ષ કોઈપણ સંજોગોમાં કરવાની નથી.
- કસોટી માટે ધો-૪ અને ધો-૭ ભણાવતા ન હોય તેવા શિક્ષકોએજ સુપરવિઝનની કામગીરી કરવાની છે.
- કસોટીમાં સાચા વિકલ્પની સોમે ✓ ની નિશાની આપેલ ☐ ચોરસમાં કરવાની છે.
- ધોરણ-૪ અને ધોરણ-૭ના બાળકોને અલગ-અલગ ખંડોમાં સંખ્યાના પ્રમાણમાં બેસાડવાની વ્યવસ્થા આચાર્યશ્રીએ પોતાની વિવેકબુદ્ધિ અનુસાર કરવાની રહેશે.
- કસોટીનો સમય શરૂ થાય તે પહેલાં ૧૫-૨૦ મિનિટ અગાઉ વર્ગખંડોમાં બાળકોને બેસાડી કસોટી સંબંધે સામાન્ય સૂચનાઓ આપી માહિતગાર કરવા.
- કસોટીમાટે માર્ચ-ઓક્ટોબર-૨૦૦૮ના જીવનશિક્ષણમાં આપેલ નમૂનાની કસોટીઓ બાળકોને આપી કસોટી આપવા માટેનો મહાવરો કરાવવાનો રહેશે.
- કસોટી લેવાઈ ગયા બાદ પ્રત્યેક કસોટી પત્ર ઉપર અને કવર ઉપર પોતાની શાળાનો કોડ અંગ્રેજી અંકોમાં આચાર્યશ્રીએ જાતે ખાસ કાળજી રાખી લખવાના છે. કોડ માટે ચાર ખાના આપેલા છે. આપની શાળાનો કોડ ૭૫ છે. તો |૦|૦|૭|૫| આ પ્રમાણે લખવું કોડ કાળી પેનથી જ લખવો.
- કસોટીપત્રનો કોઈ કાગળ બગડે નહીં કે ગડી ન પડે તે રીતે વ્યવસ્થીત ચોકડી કરી ખૂણે ખૂણા મિલાવી કવરમાં મૂકી કવરને સેલોટેપથી બંધ કરવું ગુંદર કે ફેવીક્વીકનો ઉપયોગ કરવો નહીં.
- ધોરણવાર કોથળીમાં તમામ વપરાયેલા અને વપરાયા વગરના તમામ કસોટીપત્રો કવરમાં બંધ કરવા.
- સમગ્ર ભારતમાં આ પ્રથમ પ્રયોગ છે કે જેમાં ૧૦૦% વિદ્યાર્થીઓને આવરી લઈ કસોટી લેવામાં આવશે.
- આખા રાજયમાં એક જ તારીખે એક જ સમયે આ કસોટી લેવાશે. કસોટીના એક કલાકના સમયમાં કોઈ જ બાંધછોડ કરવાની નથી.
- કસોટી લેવા આપવા આવનારનો TA-DAનો ખર્ચ ૨૨૦૨ શિક્ષણ સદરે મળવાપાત્ર છે.
- મુખ્યશિક્ષકે જાતેજ તાલુકા મથકેથી કસોટીપત્રો મેળવવાના છે.
- આ સંશોધનાત્મક અભ્યાસ હોઈ પૂરી સંપૂર્ણ વિશ્વસનીયતા પૂર્વક (સહેજ પણ ચોરી વિના) કસોટી લેવાય તે ખૂબજ જરૂરી છે.
- જે શાળામાં શિક્ષકોની ઘટ છે. ત્યાં સ્થાનીક પગારકેન્દ્રના આચાર્યશ્રીએ જરૂરી વ્યવસ્થા ગોઠવવાની રહેશે.
- કસોટીની ચકાસણી, એનાલીસીસ અને પરિણામો તેમજ ગ્રેડેશન અંગેની તમામ કામગીરી કમ્પ્યુટર દ્વારા થનાર છે.

## ૧૦૦૧ થી ૨૦૦૦ ના વર્ષમાં સદી પ્રમાણે ૧૦૦ મહત્વની હસ્તીઓ

જિજ્ઞેશકુમાર નટવરલાલ પટેલ
રાઠવા ફળિયા
ભુરખલ પ્રા. શાળા, તા. શહેરા

| | |
|---|---|
| ૧૦૦૧ થી ૧૧૦૦ | મહમદ ગઝની, રાજા રાજ ચૌલા, રાજેન્દ્ર ચોલા, વિદ્યાધારા ચાંદેલા વિક્રમાદિત્ય છઠ્ઠો, સોમદેવ ભટ્ટ, રામાજુન, અલબિરૂની, આતીશ, દિપાંશકર હિદ્દા. |
| ૧૧૦૧ થી ૧૨૦૦ | મહમ્મદ ધોરી, પૃથ્વીરાજ ચૌહાણ, બલ્લાલસેના, કુમારપાળ, છોડા ગંગા કામબાન ગણીતજ્ઞ, ભાસ્કરાચાર્ય બસાવેસા, કાલ્હાના જયદેવણીત ગોવિંદનો લેખક |
| ૧૨૦૧ થી ૧૩૦૦ | કુતબુદિન એઈકેલ, ઈતુતમિક, રઝિયાબેગમ, ગીયાસુદીન, બલબન, સુકાસ, નરસિંહ, ચંગીઝખાન, ખ્વાજા કુતબુગી બખત્યાર, જ્ઞાનદેવ માધવાચાર્ય. |
| ૧૩૦૧ થી ૧૪૦૦ | અલાઉદીન ખીલજી, મહોમ્મદ તખલખ, ફિરોજશાહ તઘલખ, હરીહારા અલાઉદીન ગાંગું, અમરુદીન શાહ, સુલતાન સિકંદર, અમીરખુશરૂ સંત નિઝામુદિન ઓલિયા, સંત નામદેવ. |
| ૧૪૦૧ થી ૧૫૦૦ | ઝેનઉલ આબેદિન, રાણાકુંભ, વાસ્કોદ-ગામા, સુલ્તાન મહમ્મદ બેગડા, યુસુફ આદિલ શાહ, દેવરાય, મહંમદ ખીલજી, વેમાના, રામાનંદ, કબીર. |

| | |
|---|---|
| ૧૫૦૧ થી ૧૬૦૦ | અકબર, ક્રિસ્નદેવ રાય, ગુરૂનાનક, તાનસેન, પુરનદાસા, ચૈતન્ય-મહાપ્રભુ, તુલસીદાસ, સુરદાસ, મિરાંબાઈ, વલ્લભાચાર્ય. |
| ૧૬૦૧ થી ૧૭૦૦ | શાહજહાં, ઔરંગઝેબ, નુરજહાં, શિવાજી, ઈબ્રાહિમ આદિલ શાહ, ગુરૂ ગોવિંદસિંહ, શેસ્સાખાના, મલિક અજમ્બેર તુકારામ. |
| ૧૭૦૧ થી ૧૮૦૦ | રોબર્ટ કલાઈવ, હૈદરઅલી, ટીપુ સુલતાન, જયવદેવસિંહ બીજો, અસાફજહ, બાલાજી, વિશ્વનાથ, મહાદાજી સિંધિયા, વારેન હેસ્ટીંગ્સ, વિલિયમ જોન્સ, ગુલામ કાદીર. |
| ૧૮૦૧ થી ૧૯૦૦ | ડેલહાઉસી, ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, મહારાજા રણજીતસિંહ, રાજારામ મોહનરાય, સ્વામી વિવેકાનંદ, ત્યાગરાજ, દાદાભાઈ નવરોજી, દયાનંદ સરસ્વતિ, થોમસ મેર્કોલે, બાળગંગાધર તિલક. |
| ૧૯૦૧ થી ૨૦૦૦ | મહાત્મા ગાંધી, રવિન્દ્રનાથ ટાગોર, જવાહરલાલ નહેરું, સરદાર વલ્લભભાઈ પટેલ, સુભાષચંદ્ર બોઝ, ડૉ. ભીમરાવ આંબેડકર ડૉ. સી.બી. રામન., હોમીભાભા, ઈન્દિરાગાંધી, અટલ બિહારી બાજપેયી. |

# વામનમાંથી વિરાટ


પટેલ દિપિકાબેન જે.
લેકચરર, શ્રીજી એજ્યુકેશન (મહિલા) કૉલેજ
મધવાસ, તા. લુણાવાડા


વર્તમાન યુગમાં આધુનિક મનોવિજ્ઞાન એમ કહે છે કે વ્યક્તિ જો સાચી દિશામાં માત્ર ત્રણ જ પગલાં ભરી શકે તો તે પોતાની ગ્રંથિઓને ભેદીને વામનમાંથી વિરાટ બની શકે છે. એ ત્રણ પગલાં બહુ સાદા છે છતાં તેનો અમલ કરવા માટે ધીરજની જરૂર રહે છે. દરેક વ્યક્તિએ પોતાની સીમા અને મર્યાદામાં રહીને કામ કરવાનું છે.

**(૧) તમે જે છો તે બનવાનો પ્રયત્ન કરો**

એક વાત ખાતરી પૂર્વક જાણી લો - આ જગતમાં તમે જેવા છો અને જે છો તેવું બીજુ કોઈ નથી. આખીયે સૃષ્ટિમાં તમે એક વિશિષ્ટ અને અગત્યની વસ્તુ છો. જેવી રીતે જુદા જુદા વૃક્ષો પર જેટલા પાન હોય છે. તે પાન એકસરખા હોય છે બે પાન શોધવાનું લગભગ અશક્ય બને છે. દરેક પાનને પોતાનું આગવું કર્તવ્ય અને ખાસ વિશિષ્ટતા હોય છે. એવી જ રીતે કોઈ પણ બે વ્યક્તિ એક સરખી હોતી નથી. બે વ્યક્તિના વિચારો સરખા હોઈ શકતા નથી. આ જગતમાં આ જ સુધી જન્મેલ અને હવે પછી જન્મનાર વ્યક્તિમાંથી તમારા જેવું કોઈ નથી તમે જ્યાં છો, જેવી રીતે છો આ સમગ્ર વિશ્વમાં તમારી એક ખાસ અગત્ય છે.

**સ્ટીવન્સનું એક વાક્ય છે.**

"આપણે જે બની શકીએ તેમ હોઈએ તે બનવું અને આપણે જે બની શકીએ તેમ ન હોઈએ તે બનવા પ્રયત્ન ન કરવો તેમાં જ જીવનની સાર્થકતા છે."

જે માણસના મનમાં આ વાત ઠસી જાય છે, પોતાના સ્વભાવ અને સ્વ-ધર્મને અનુરૂપ કાર્ય કરવાજે પ્રવૃત્તિ કરે છે, તેને બીજાની ઈર્ષ્યા ક્યારેય થતી નથી અને જેને બીજાની ઈર્ષ્યા થતી નથી તે સાચા અર્થમાં સુખી બની જાય છે.

**(૨) નિષ્ક્રિય ન રહો**

ઘણા માણસો એવા હોય છે કે તેમને પ્રવૃત્તિ કરવી હોય છે, પરંતુ શું પ્રવૃત્તિ કરવી તે તેઓ ક્યારેય નક્કી કરી શકતા નથી. દરેક વખતે તેઓ બે રસ્તા પર જઈને ઊભા રહે છે અને જમણી બાજુ જવુ કે ડાબી બાજુ જવુ તેનો નિર્ણય કરવામાં જ રહી જાય છે. કોઈએ સાચુ જ કહ્યુ છે કે, નિર્ણય ન કરવો તેના કરતાં ખોટો નિર્ણય કરવો તે વધારે સારું છે. ખોટો નિર્ણય કરનાર માણસ ક્યાંક તો પહોંચી શકે, જમણી બાજુ જવાને બદલે ડાબી બાજુ જનાર માણસને ખોટા રસ્તે ગયો છે એવી ક્યારેક તો ખબર પડે છે અને તે પોતાનો રસ્તો બદલી શકે છે. કોઈ માણસમાં શક્તિનો અભાવ નથી હોતો. શક્તિને વાપરવાની રીતમાં જ સફળતા અને નિષ્ફળતાઓનું રહસ્ય હોય છે અને જીવનની મહત્વની પળોમાં જે લોકો નિર્ણય કરીને આગળ ચાલવાને બદલે ઊંઘતા રહે છે તેને કશું પ્રાપ્ત થતુ નથી કોઈ એક સફળ વ્યક્તિને કોઈએ પૂછ્યું, તમારી સફળતાનું રહસ્ય શું છે ?

'તક મળતાં જ કૂદી પડવાની તૈયારી' તેણે કહ્યું.

'પણ તક આવી છે એમ કઈ રીતે ખબર પડે ?'
'ખબર પડે ત્યારે થોડી થોડી વારે કૂદતા રહેવું.'

**(૩) શ્રદ્ધાપૂર્વક જીવો**

શ્રદ્ધા એ તો જીવનને ગતિ આપનારું બળ છે. તે ક્યારેય રૂઢિચુસ્ત કે બંધિયાર હોઈ શકે નહિ. શ્રદ્ધા સતત ગતિશીલ અને નિર્મળ હોય છે. જ્યારે અંધશ્રદ્ધા બંધિયાર હોય છે. વહેતા પાણી અને અવાવરું પાણીમાં જેટલો તફાવત હોય છે. તેટલો જ તફાવત શ્રદ્ધા અને અંધશ્રદ્ધામાં રહેલો છે. શ્રદ્ધા માણસને પોતાની જાતમાં હોવી જોઈએ. જે પોતાની જાતમાં શ્રદ્ધા રાખી શકતો નથી. તે ઈશ્વરમાં શ્રદ્ધા રાખી શકતો નથી.

સુરદાસની રત્નાવલિએ એટલી જ ટકોર કરી કે, મારામાં જેટલો પ્રેમ છે એટલો ઈશ્વરમાં હોત તો તમે શું હોત ! અને બિલ્વમંગળનાં હૃદયનાં કમાડ ઊઘડી ગયાં. શ્રદ્ધાનાં મૂળ પ્રેમમાં હોય છે. પ્રેમ વિના શ્રદ્ધા કદી શક્ય જ નથી અને શ્રદ્ધા વિના કદી કોઈ મહાન કાર્યો સિદ્ધ થઈ શકતાં નથી. શ્રદ્ધા માણસની નબળાઈઓને ખંખેરી નાખે છે. નિરાશાઓને દૂર કરી નાખે છે. યાદ રાખો, માનવ-ઈતિહાસમાં જે કોઈ પ્રગતિ થઈ છે તે શ્રદ્ધાને કારણે જ થઈ છે.

**વામન માટેનાં ત્રણ પગલા** ભરવા જે કોઈ વ્યક્તિ તૈયાર થાય તેના માટે વિશાળ ભવિષ્ય ખુલ્લું થઈ જાય છે. પ્રાણીમાંથી મનુષ્ય બનીને જીવવા માટે આ રીતનું વર્તન અત્યંત જરૂરી છે.

"ખાવું અને સૂવું એનું નામ જીવન નથી. જીવનનું નામ છે. હંમેશા આગળ વધવાના ઉત્સાહનું." ***-પ્રેમચંદ***

## "मनः एव मनुष्याणाम् कारणम् बन्धमोक्षयोः ।।"

શ્રી રમેશચંદ્ર સાં. પટેલ
પ્રા.શાળા વખતપુર CRC
ધુળેટા તા. ખાનપુર

ડૉ. એ. વી. પટેલ સાહેબ,
સંપાદક, મૈત્રી
ડાયટ, સંતરામપુર.

ભારત આદ્ય-ઈતિહાસનું અંતિમ યુદ્ધ હતું. બધી બાજુએ સેનાઓ "सावधान" ની સ્થિતિમાં સજ્જ હતી. સત્તા અને પુત્ર પ્રેમથી અંધ બનેલા તેવા ધૃતરાષ્ટ્ર અને તેના દ્વારા દુર્યોધન કે દુઃશાસન જેવા આતતાયીઓના હાથમાં રાષ્ટ્રનું સુકાન જશે કે, પછી યુધિષ્ઠિર જેવા રાજર્ષિ અને તેમના દ્વારા અર્જુન કે ભીમ જેવા મહાવીરોના હાથમાં જશે, તેનો નિર્ણય થવાની ઘડી આવી પહોંચી હતી. તેવા અણીના સમયે પાંડવ સેનાનો જેના ઉપર મુખ્ય મદાર હતો તેવો અર્જુન શસ્ત્રો મૂકી, રથના ખૂણામાં જઈ બેઠો, ત્યારે પાર્થ સારથી શ્રીકૃષ્ણએ વિશ્વમાં અદ્વિતીય તેવું ગીતા રૂપી તત્ત્વજ્ઞાન આપ્યું. તો સામા પક્ષે અર્જુને પણ કેટલાયે તર્કશુદ્ધ પ્રશ્નો કર્યા જેના તેટલા જ તર્ક શુદ્ધ ઉત્તરો ભગવાન શ્રીકૃષ્ણે આપ્યા.

ભારત આવા મહાપુરૂષોએ ઘડ્યું છે. ગીતા તે અન્ય કશું નથી, આંતર-મનની ચેતનાને જગાડનાર ઉપદેશ જ છે.

સુષુપ્ત મન કદી "સુષુપ્ત" હોતું જ નથી. તે રાત દિવસ, નિદ્રામાં કે સ્વપ્નમાં પણ આપણને માર્ગ દર્શાવતું જ રહે છે. તેટલું જ નહીં પરંતુ બનનારી, શુભ કે અશુભ દરેક ઘટનાઓના પૂર્વ-સંકેતો આપતું રહે છે. માટે તેને સુષુપ્ત મન ન કહેતાં ભારતીય સંસ્કૃતિએ "આંતર-મન" જેવો શબ્દ પ્રયોગ કર્યો છે. જેને તળપદી ગુજરાતી ભાષામાં આપણે "માહ્યલો" કહીએ છીએ. આંતરમનની ચેતના એટલી પ્રબળ હોય છે કે, તેથી ભયંકર રોગ મટી શકે છે. પચાસ-સો વખત આપણે બોલીએ કે મને થોડું માથું દુઃખે છે તો ખરેખર માથું દુઃખશે. તેને આપણે બીજી રીતે વિચારીએ કે માથુ દુઃખતું હોય અને સતત બોલીએ કે મને દુઃખતું નથી, મને દુઃખતું નથી તો તેની અસર ન થાય ? થાય જ ! ચોક્કસ થાય. આ ચેતના મારામાં, તમારામાં, સૌ કોઈમાં રહેલી છે. જરૂર છે માત્ર તેને "સક્રિય" કરવાની આ માટેની પદ્ધતિ ખૂબ સરળ છે. પહેલાં તમારા દેહને તદ્દન શિથિલ કરો. પછી આરામ-ખુરશીમાં સૂઈ જઈ તંદ્રાવસ્થામાં ચાલ્યા જાવ અને તમો જેની ઈચ્છા કરતા હો, તે મનમાં સતત રટ્યા કરો. અને સહજ રીતે તંદ્રાવસ્થામાં ચાલ્યા જાવ. આ પ્રક્રિયા રોજ કરતા જાવ. આથી પણ વિશેષ તમો જ્યારે નિંદ્રાધીન થાવ તો તે પૂર્વે

તમારાં અપેક્ષિત ફળનું રટણ કર્યા કરો અને ધીમે ધીમે નિદ્રામાં સરી જાવ. આથી, માત્ર ભયંકર રોગો તો મટે જ છે પરંતુ તમારા મનની અન્ય ઈચ્છાઓ (શુભ ઈચ્છાઓ) પણ અચૂક ફળીભૂત થાય છે. તેથી ગમે તેવી મુંઝવણમાંથી પણ માર્ગ મળી રહે છે. આંતરમનની ચેતનાને પ્રાર્થના જ પ્રબળ બનાવે છે, જરૂર છે માત્ર શ્રદ્ધાની, વિશ્વાસની. પ્રાર્થના દ્વારા તમો જ્યારે પરમાત્માને તમારો 'અવાજ' (ભાવના) પહોંચાડો છો, ત્યારે તમો તમારા જ આત્મા (આંતર-મનને) અવાજ પહોંચાડો છો. માટે આપણે જ આપણો "ઉદ્ધાર" કરવાનો છે. અન્ય કોઈ તમારો "ઉદ્ધાર" કરી જ નહીં શકે.

"Believe in yourself, success and happiness will be yours." ("તમો તમારામાં જ વિશ્વાસ રાખો, સાફલ્ય અને સુખ તમારા હાથમાં જ છે.")


સહજ રીતે આપણે કોઈ પાપ કર્યું હોય તો શું થાય ? હૃદયની ઋજુતા અને વિશાળતાનો આ 'આડો આંક' છે. આપણે જેમ આપણા વેરીને માફ કરવું જોઈએ તેવી જ રીતે આપણા પાપો માટે આપણે સૌથી પહેલાં આપણને જ "ક્ષમા" આપવી જોઈએ. એક વખત ખરા અંતઃકરણ પૂર્વક તમો તમોને જ તમારા 'પાપો' માટે "ક્ષમા" આપશો પછી તમારું જીવન જ પલટાઈ જશે.

સૌથી મહત્ત્વની વાત તે છે કે આંતરમન પોતે કોઈ વિશ્લેષણ કરતું નથી, તે તો બાહ્ય મને પાઠવેલા સંદેશાઓ જ યથાવત ઝીલી લે છે અને તે પ્રમાણે જ તેના પ્રતિભાવો આપે છે. માટે કદીએ આંતરમનને 'ખોટા' સંદેશાઓ વ્યંગમાં પણ પાઠવવા નહીં.

હવે આ વાતોને પોતાના જીવન સાથે ગોઠવીએ તેમ પોતાના વર્ગખંડ માટે ગોઠવીએ તો !! હું તો મારા વર્ગના તમામ બાળકોને બોલાવડાવું છું કે ગણિત-વિજ્ઞાન શિખવું સહેલું છે,, વિગેરે... વિગેરે. શું શિક્ષણની ગુણવત્તા સુધારણામાં આ બાબતો સહાયભૂત ન થઈ શકે ? પ્રામાણિકતાથી પ્રભુનો ડર રાખીને કાર્ય કરશું તો આપણે પણ મહાન છીએ. એક કવિએ સરસ કહ્યું છે ને.

"પ્રભુના દરબારમાં મુદત કદી હોતી નથી,
ત્યાં શનિ-રવિ કે તહેવારની રજા કદી હોતી નથી;
અદાલત છે ધર્મની, ન્યાયના છે ત્રાજવાં,
ત્યાં લાંચ-રૂશ્વત કે નોટની બદી કદી હોતી નથી."

આંતરમનની શક્તિઓને જાણવાની ઘણી બધી બાબતો ક્રમશઃ જાણીશું. પણ હકારાત્મક રહીશું, હકારાત્મક બનીશું તો રાષ્ટ્રની આવતી કાલ સોનેરી હશે તે ચોક્કસ છે. આપણા પોતાના બાળકની વાત કરીએ તો ઘરના તમામ સભ્યોના વર્તણૂક ઉપરથી ખબર પડી જાય કે "બાબો બારમામાં છે." ધોરણ-૧૦ કે ધોરણ-૧૨માં અભ્યાસ કરતા આપણા 'બાબા' માટે આપણે શું કરી શકીએ ? સૌથી પહેલાં આપણા બાળકની ક્ષમતા નક્કી કરવી પડે કે તે કેટલું પરિણામ લાવી શકે તેમ છે. દા.ત. જો આપણો બાળક ૭૦% ની ક્ષમતા ધરાવતો હોય તો ૭૦% વત્તા તેમાં બીજા ૫% ઉમેરી તેના જ હાથે ૭૫% નો Gol નક્કી કરાવો. આ તેનું ધ્યેય આ બાળક જ્યાં વધારે સમય પસાર કરે છે. ત્યાં 'ગોલ-આર્ટ' એવી રીતે લગાડો કે જ્યાં તેની નજર વારંવાર પડતી હોય.




આવું ચિત્ર આંતર-મન પકડે છે અને નક્કી કરે છે કે મારે લક્ષ્ય સુધી પહોંચવાનું છે. બસ ! પરિણામની રાહ જુઓ. પરિણામ ત્યારે જ મળે છે તે પાછળનો નિષ્ઠાપૂર્વકનો પ્રયત્ન હોય.

"આત્મવિશ્વાસ વગરનો માણસ પોતે જ પોતાનો હથિયારધારી દુશ્મન છે."

અંતમાં "મૈત્રી સાથે 'મૈત્રી'નો હાથ લાંબો કરવા સતત ઉત્સાહ આપનાર અને નાનકડા લેખથી પણ જેને સૌથી વધુ આનંદ થાય છે અને ગૌરવ અનુભવે છે તેવા મારા ધુળેટાના સી.આર.સી.સી. શ્રી શૈલેષભાઈ એમ. પટેલના હૃદયમાં પ્રથમ પુરુષ સમર્પિત.

(રેફ. ડૉ. જોસેફ મર્ફીનું બેસ્ટ સેલર પુસ્તક-પાવર ઑફ યોર સબકોન્સિયસ માઈન્ડ)

# સફળતા

પટેલ કિરણકુમાર નરોત્તમદાસ
ભવાની ફળિયા વર્ગ, (અણિયાદ)
તા. શહેરા PTC. M.A., B.Ed.

આજના યુગમાં દરેક માણસ ડગલે ને પગલે સફળતા ઈચ્છે છે. ક્રિકેટની જ રમતની વાત લઈએ તો હારી જવાય તો પણ પૈસા તો મળવાના જ છે, છતાં દરેક ખેલાડી જીતીને સફળતા ઈચ્છે છે. આજના યુગમાં સ્પર્ધા, હરીફાઈ વધી ગઈ છે કોઈપણ ક્ષેત્ર એવું નથી કે ત્યાં સ્પર્ધા ન હોય તેથી જ તો દરેક સફળતા ઈચ્છે છે. આપણે પણ શિક્ષણના ક્ષેત્રમાં જોડાયેલા છીએ અહીં પણ સફળ, નિષ્ફળની વાત આવે જ છે. જ્યારે પણ કોઈ માનવ સફળ નથી તો ત્યારે તે ચિંતા તાણ (સ્ટ્રેસ, ડિપ્રેશન) અનુભવે છે. આપણે સફળતા વિશે ઘણું વાંચીએ છીએ, વિચારીએ છીએ. સફળતાના સોનેરી સૂત્રો જાણીઓ છીએ. પરંતુ તે પચાવતા નથી. તે પ્રમાણે આપણે આપણા વર્તનમાં કે વલણમાં સુધારો લાવતા નથી કે અનુસરતા નથી.

સફળતા માટે શું ? કેવા માણસ સફળ થાય ? આવા વિચારો આપણે અનુભવીએ છીએ. હમણાં મે 'સ્ટાર વન' ચેનલ પર લાફટર ચેલેન્જ પ્રોગ્રામ જોયો તેમાનો એક પરફોમર 'અનિરુદ્ધ મધેસીયા'ના પિતા જે દિવસે અનિરુદ્ધને 'સ્ટેજ પરફોમન્સ' આપવાનું હતું તે જ દિવસે મૃત્યુ પામ્યા. પણ 'સ્ટેજ' પર જ્યારે અનિરુદ્ધનું પરફોમન્સ માણ્યું ત્યાં સુધી તો કાંઈ ખબર જ ન પડી કે તેના પિતા આજે મૃત્યુ પામ્યા છે.'' તો આ વાત પરથી લાગે કે અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી.'' તેણે જે પૂરી શ્રદ્ધાથી, આત્મવિશ્વાસથી પરફોમન્સ આપ્યું તે જોઈને લાગે કે આવા માણસો કદી પણ નિષ્ફળ ન જઈ શકે ?

### સફળતા માટે જરૂરી છે મહેનત

''મહેનત કરે તે પામે.''

ફળની આશા રાખ્યા વગર જે પુરુષાર્થ કરે છે તે સફળ થાય છે. કેટલાક બાળકો દડો રમી રહ્યા હતા. દડો હોજમાં પડી ગયો. કોઈ બાળકથી પહોંચાય નહિ. એટલામાં એક બાળક બોલ્યો બે-ત્રણ બાલદી પાણી લાવો. પાણી હોજમાં રેડતાં જ દડો ઉપર આવ્યો. બાળકોએ તે દડો લઈ લીધો અને રમવા લાગ્યા. આ જ બાળક મોટો થઈને ભારતના વડાપ્રધાન બન્યા અને તે 'જવાહરલાલ નહેરું.' આથી કહેવાય મહેનત કરે તે પામે.''

### જીવનવિકાસની ધગશ

સફળતાની વાત કરીએ ત્યારે આઈન્સ્ટાઈન ને યાદ કરવા પડે. રેલ્વેમાં પ્રવાસ કરતાં ટિકિટની રકમ પૂરી ગણતા પણ જેને નહોતી આવડતી તેવા અબુધ આઈન્સ્ટાઈન ગણિતના મહાન પ્રોફેસર થયા. તેમણે સાપેક્ષવાદ પર પ્રભુત્વ મેળવ્યું. આથી જર્મનીની પ્રજાએ તેમને મકાન, મોટર અને બોટ ભેટ આપી. આવી હતી એમના જીવન વિકાસની ધગશ પરિશ્રમ અને પુરુષાર્થ જેને અનેરી સિદ્ધિ સમર્પિત.

### નિષ્ફળતા મારી હટાવીને સફળતા પ્રાપ્ત કરવી.

અમેરિકાના રાષ્ટ્રપતિ જ્યોર્જ કેનેડીને એક પત્રકારે પૂછ્યું : ''નામદાર આપના યશસ્વી જીવન માટે આપ કોને યશ આપો છો ? જ્યોર્જ કેનેડી કહે. ''મારી સફળતાનો યશ હું નિષ્ફળ માણસોને આપું છું. જે નિષ્ફળ જાય તેવા મિત્રો, પરિચિતોને હું પૂછું કે આ કામમાં કેમ નિષ્ફળ ગયા ? તે કહે તેના ઉપરથી સફળ કેમ થવાય તે વિચારતો રહું અને આ રીતે મારી નિષ્ફળતા મારી હટાવી સફળતા પ્રાપ્ત કરું છું.

### મક્કમ મન

સફળતા માટે મક્કમ મન જોઈએ. તે ગમે તેવી પરિસ્થિતિમાં ડગવું ન જોઈએ. ૧૯૩૦માં સરદાર વલ્લભભાઈ પટેલની ધરપકડ થઈ ત્યારે તેઓ બીડી પીવાના બંધાણી હતા. એટલે જેલના સુપરિન્ટેન્ડેન્ટે સાબરમતી જેલના દ્વારે સિગારેટ આપવા હાથ લંબાવ્યો સરદારના 'દિલે' ના કહી ત્યારે સુપરિન્ટેન્ડેન્ટ બોલ્યા ''આપ બીડી તો પીવો છો ને 'ના' કેમ કહો છો ? સરદારે કહે, 'ના ભાઈ હવે બીડી તજી દઉ છું.' આવા મક્કમ મનના વલ્લભભાઈ જેવા પ્રબળ પુરુષ 'સરદાર' કહેવાય.

**આત્મવિશ્વાસથી સિદ્ધિ**

જે માણસ આત્મવિશ્વાસથી ભરપૂર હોય તે સફળતા (સિદ્ધિ) પ્રાપ્ત કરે છે. હાલમાં ધોરણ-પની ગુજરાતીમાં આપેલ પાઠ 'શીખી લઈશ' એ એલેક્સનો આત્મવિશ્વાસ દર્શાવે છે. તે સફળ થાય છે.

**વર્તમાનમાં જીવવું (Live in Present)**

એક સફળ સિદ્ધ લેખક આર્નોલ્ડ બેનેટે એક પુસ્તક લખ્યું, હંમેશા ચોવીસ કલાક કેવી રીતે જીવવું ? તેમણે કહ્યું હતું કે 'જીવન વર્તમાનમાં વસે છે ? વહેલા પ્રભાતથી જ લોકો આ સત્યને જો મનમાં સ્થિર કરે તો જીવનનો દિવસ ધન્ય થઈ જાય. શક્તિ બરબાદ ન થાય પણ વધતી જ રહે, સિદ્ધિ મળતી જ રહે.

**અવકાશનો સદ્-ઉપયોગ કરવો.**

અવકાશનો સમય મળે ત્યારે વાચન, મનન, ચિંતન કરવું. બાલ ગંગાધર તિલકને છ વર્ષની જેલની સજા થઈ ત્યારે તિલકે ચારસો સત્વશીલ સંદર્ભ ગ્રંથોનું વાચન કર્યુ. અને 'તિલક ગીતા'નું સર્જન કર્યુ. 'સ્વરાજ મારો જન્મસિદ્ધ હક્ક છે.' સહુથી પ્રથમ બુલંદ નાદે રાષ્ટ્રને જાગૃત કરનાર તિલક મહારાજ હતા. આમ આપણે પણ સફળતા માટે અવકાશનો સદ્ ઉપયોગ કરીએ.

**જાતને જાણો :**

સફળતા માટે પ્રથમ આપણે આપણી જાતને જ ઓળખવી પડશે. જાણવી પડશે.

અમેરિકાના પ્રેસિડેન્ટ અબ્રાહમ લિંકન સાધારણ સ્થિતિમાંથી મહાન પદ્વી હાંસલ કરી હતી. એક મિત્રે લિંકનને પૂછ્યું : 'લિંકન આપ આટલો ભવ્ય વિકાસ કેમ સાધી શક્યા, તે એક કોયડો છે. હું જાણવા ચાહું છું. લિંકને કહ્યું : 'મે મારા જીવનમાં જાતની પરીક્ષા ડગલેને પગલે લીધી છે. તેમાં મને જ્યારે નિષ્ફળતા મળી ત્યારે મે જાતને જાણી કરેલ ભૂલો સુધારી તેમજ ફરી એ ભૂલ ન થાય તેની જાગૃતિ સેવી. આમ ધીરે ધીરે વિકાસ સાધતો ગયો.

સફળતા માટે આ ઉપરાંત સહનશીલતા, આલ્વા એડિસને કહ્યું છે કે 'કદી ઘડિયાળ સામું ન જોતા.' ઘડિયાળ સામે જોયા વગર તમે તમારું કામ કરતાં જાઓ. ઉપર જણાવેલ સફળતાના સૂત્રો નથી પરંતુ એક એક વાત સાથે સફળ પુરુષોના દૃષ્ટાંત આપવાનો મારો પ્રયત્ન છે.

આપણે પણ આપણા જીવનની નૈયા સફળતાપૂર્વક કાંઠે લઈ જવા માટે તથા જીવનનો જે goal (ગોલ) નક્કી કર્યો હોય ત્યાં સુધી પહોંચવા માટે દરેક બાબતનો, નાનામાં નાની ભૂલો, તથા નિષ્ફળતાનો ખ્યાલ કરીને આગળ વધીશું તો આપણાથી નિષ્ફળતા સો જોજન દૂર રહેશે.

"ભૂલ કરે તે માનવ,
ભૂલ કરી ખડખડ હસે તે દાનવ.
ભૂલ કરીને પસ્તાય તે સજ્જન અને
ભૂલને સુધારીને સફળતા મેળવીને ફરી
ભૂલ ન કરે તે મહામાનવ."

ગમે તેવા તમામ પ્રકારના દુઃખોથી જેની બુદ્ધિ ક્ષીણ થતી નથી. નાશ પામતી નથી. તે માણસ તેની એ બુદ્ધિના પ્રભાવથી એ દુઃખોની પાર પહોંચી જાય છે. આમાં કોઈ સંશય નથી.

સંકલન : પટેલ કિરણકુમાર એન.
ભવાની ફ. વર્ગ પ્રા.શા. તા. શહેરા

## નોટબુકમાં નોંધવા જેવું

(૧) દુનિયાની પહેલી વહેવારુ રણગાડી બ્રિટને સપ્ટેમ્બર ૮, ૧૯૧૫ના રોજ બનાવેલ 'Mother' હતી. પ્રથમ વિશ્વવિગ્રહ દરમ્યાન યુરોપી મોરચે તેણે યુદ્ધમેદાન પર જવાનો વારો જો કે એકાદ વર્ષ પછી સપ્ટેમ્બર ૧૫, ૧૯૧૬ના દિવસે આવ્યો. આ રણગાડીને ૨.૭ કિલોગ્રામના ગોળા ફેંકી શકતી બે તોપો બન્ને પડખે હતી. વધુમાં બે મશીનગન હતી. એન્જિન ફક્ત ૧૦૫ હોર્સપાવરનું જ્યારે વજન ૩૪ ટન હતું. એન્જિન શક્તિ વજનના હિસાબે બહુ ઓછી, એટલે Mother પ્રતિ કલાકે માંડ ૬.૫ કિલોમીટરનું અંતર કાપી શકતી હતી.

(૨) સૌથી ભારે રણગાડી બીજા વિશ્વયુદ્ધમાં નાઝી જર્મનીએ બનાવેલી ૧૮૮ ટનની અને મહત્તમ ૨૦૦ મીલીમીટર (૨૦ સેન્ટીમીટર) જાડા બખ્તરવાળી

Masu-II હતી. ડેઈમલર-બેન્ઝના ૧,૫૦૦ હોર્સ પાવરના એન્જિન વડે તે કલાકના ૧૯ કિ.મી.ના વેગે હંકારતી. પરંતુ ૧૫૦ મીલીમીટરના વ્યાસની તોપવાળી Maus-II તેના વધુ પડતા વજનના લીધે યુદ્ધ મોરચે આટાપાટા ખેલવા માટે નકામી હતી.

(૩) સૌથી વધુ સંખ્યામાં બનેલી અને બેનમૂન પૂરવાર સંખ્યા વાસ્તવમાં બીજા વિશ્વયુદ્ધને આભારી હતી. ઉત્પાદન શરૂ થયાનું વર્ષ ૧૯૪૦ નું હતું. શેરમાન પહેલી એવી ટેન્ક હતી કે જેની તોપનું નાળચું અખડદખડ ભૂમિ પરની આગેકૂચ વખતે પણ હાલકડોલક થયા વગર નિશાન પર એકધારું મંડાયેલું રહેતું હતું. આ જાતની લગભગ ૪૬,૦૦૦ રણગાડીઓ બની.

## સમય નથી

દરેક ખુશી છે અહીં લોકો પાસે, પણ હસવા માટે સમય નથી.
દિવસ-રાત દોડતી આ દુનિયામાં જિંદગી માટે પણ સમય નથી.
મા ના હાલરડાનો અહેસાસ છે. પણ માની મમતા માટે સમય નથી.
બધા સંબંધો તો મરી ગયા જાણે, પણ તેમને દફનાવવાનો સમય નથી.
બધા નામ મોબાઈલમાં છે. પણ મિત્રતા માટે સમય નથી.
પારકાઓની શું વાત કરવી. પોતાના માટે પણ સમય નથી.
આંખોમાં છે ઊંઘ ઘણીયે પણ સુવા માટે સમય નથી.
દિલ છે ગમોથી ભરેલું પણ રોવા માટે સમય નથી.
પૈસાની દૌડમાં એવા દોડ્યા કે થાકવા માટેનો પણ સમય નથી.
પારકા અહેસાનોની શું કદર કરીએ. જ્યાં પોતાના સપનાની જ કદર નથી.
તુજ કંદ મને શુ થશે આ જિંદગીનું
દરેક પળ મરવાવાળાને જિવવા માટે પણ સમય નથી.
“જીવનમાં આવેલી આનંદની ક્ષણોને ક્યારેય ગુમાવશો નહીં.

વાળંદ ચેતનકુમાર એસ.
આ.શિ. જેપુરા પ્રા. શાળા (પાવાગઢ)
તા. હાલોલ,
જિ. પંચમહાલ

## પૂજ્ય સ્વામીજી ઉવાચ

બાવા ન કરે દાવા, દાવા કરે વો બાવા નહિ, ભાગમાં ભાગ છે, ભાગ્યમાં ભાગ નથી. આ જગતમાં જે કાંઈ અમુલ્ય ધન હોય તો તે છે. માઁ, ભક્તિનું પહેલું ચરણ છે. માતા પિતાની સેવા, પોતાના બાપને બાપ

કહેતો નથી અને મને કહે છ. બાપજી, હું એનો ક્યારેય સ્વીકાર કરતો નથી. સંત કે ચરણો સે - ભગવાન કી આંખો સે - ઔર મા-બાપ કે અંતર સે આર્શીવાદ મિલતા હે, ભક્ત હોય એને ભય ન હોય, કાલ કો કલ નહીં, કાલ કે પાસ કલ નહીં હૈ ભારતમાં માનવજન્મ એ એક પુણ્ય છે. સંત મળવા એ બીજું પુણ્ય છે. સંત મળે તો તેમને ઓળખવા અઘરૂ છે. અને તેમનું કહ્યું કરવું એ અતિ કઠીન છે. ગાય જેમ સાંજે પાછી ન ફરે તો ગોવાળને ચિંતા થાય. તેમ અમારે ત્યાં આવનાર ભક્તોની અમને ચિંતા થાય.

મે કીસીકા ગુરૂ નહિ, ઔર મેરા કોઈ ચેલા નહિ. મે કિસીકો કુછ દેતા નહીં હું ઔર લેતા ભી નહીં હું, બાવા દાન ન લે. કૃપા ન લે. તો બાવા ક્યા લે ? બાવા ભિક્ષા લે. ભિક્ષા એટલે શું ? જિતના કામ કરો. ઈતના પૈસા લો. ઉસે વેતન કહતે હૈ, કામ કમ ઔર દામ જ્યાદા ઉસે ચોરી કહતે હૈ, કામ જ્યાદા ઔર દામ કમ ઉસે ભિક્ષા કહતે હૈ, મારે જે આપવું છે. લેનાર કોઈ આવતો નથી. અને જે નથી. આપવું તેના ઘરાક વધુ આવે છે. માંગવાથી ભીખ મળે આ દુનિયામાં કોઈ વાત અશક્ય નથી. પ્રયત્ન કરવો પડે. પૈસા તુચ્છ હૈ પૈસાથી સુખના સાધન મળે. શાંતિ નહીં, કમાઓ ત્યારે નોકરની માફક કામ કરો. અને ખર્ચો ત્યારે શેઠની માફક ખર્ચો, મગન મે ઉસકી લગન હોની ચાહીએ, લગન મેં ઉસકી મગન હોની ચાહીએ, જિસકી, કરણી ઉસકે સાથ સાધુ તું કયો ઉદાસ, હમ કીસીકા હાર નહીં પહનતે, હાર પહનને વાલે ખુદ હાર જાતે હૈ, સંત કા અંત નહીં હોતા હૈ, જિસકા અંત હોતા હૈ, વો સંત નહીં હૈ !

## ૨૧મી સદી અને સ્કૂલ મેનેજમેન્ટ

- ☞ વિશ્વાસનું વાતાવરણ ઊભું કરીએ.
- ☞ મિશનરી લાગણી ઊભી કરીએ.
- ☞ સ્વાયત્ત ટીમોનું સર્જન કરીએ.
- ☞ સર્જનાત્મક અસંમતિ વધારીએ.
- ☞ નોકરીની વ્યાખ્યા જડ ન રાખીએ.
- ☞ આપણા વ્યવસ્થા તંત્રમાં વૈવિધ્ય લાવીએ.
- ☞ સત્તાના વિકેન્દ્રીકરણ દ્વારા સત્તા વધારીએ.
- ☞ પ્રત્યક્ષ કૉમ્યુનિકેશન પર વધુ ભાર મુકીએ.
- ☞ આપણે ફાળે આવેલું કામ મજાનું બનાવીએ.
- ☞ શાળા / સંસ્થાના કલ્ચરનું સતત નિરીક્ષણ કરીએ.
- ☞ શાળામાં નવી નવી પ્રયુક્તિઓનો ઉપયોગ કરીએ.
- ☞ શાળા માટે સામાજિક નેટવર્કનો વધુ ઉપયોગ કરીએ.
- ☞ કર્મચારીને સ્વયંપ્રેરિત (Self Motiveted) બનાવીએ.
- ☞ અગ્રતાક્રમ (પ્રાયોરિટી) નક્કી કરવામાં મક્કમ બનીએ.
- ☞ સારા કાર્ય માટે કર્મચારીને અભિનંદન અને પ્રેરણા આપીએ.

(૨૧મી સદીમાં મેનેજમેન્ટ : નવી તરાહો અને ટેકનિકોમાંથી)

માછી રમેશભાઈ એલ.
આ.શિ. લુહાર, ફ. પાલ્લા

## શિક્ષક કેવો હોવો જોઈએ ?

- ❒ "નાના મોઢે કરું છું મસમોટી વાત કે શિક્ષક કેવો હોવો જોઈએ ? વર્ગમાં સમજે અમને વધુ અને સમજાવે ઓછું એવો હોવો જોઈએ !
- ❒ વર્ગમાં બોલાવે અમને વધુ અને બોલે ઓછું એવો હોવો જોઈએ ! વર્ગમાં સાંભળે અમને વધુ અને સંભળાવે ઓછું એવો હોવો જોઈએ !
- ❒ નાના મોંઢે કરું છું મસ મોટી વાત કે શિક્ષક કેવો હોવો જોઈએ ? વિષયજ્ઞાન સુજ ધરાવવાની સાથે ફેલાવે એવો હોવો જોઈએ !
- ❒ સામાન્યજ્ઞાન ધરાવવાની સાથે પ્રસરાવે તેવો હોવો જોઈએ ! સરળ બની કઠિન વિષયવસ્તુ સમજાવે એવો હોવો જોઈએ !
- ❒ નાના મોઢે કરું છું મસમોટી વાત કે શિક્ષક કેવો હોવો જોઈએ ? માળી બની વર્ગ-બાગના પ્યારા ફૂલોને ખિલવે એવો હોવો જોઈએ !
- ❒ ઋષિ બની શાળા-આશ્રમનું હિત હૈયે ધરાવે એવો હોવો જોઈએ ! પિતા બની અમારા દુઃખ-દર્દ પોતાના બનાવે એવો હોવો જોઈએ !
- ❒ નાના મોઢે કરું છું મસમોટી વાત કે શિક્ષક કેવો હોવો જોઈએ ? સોંટીથી નહીં સ્નેહ થકી શિસ્તના પાઠ ભણાવે એવો હોવો જોઈએ ?
- ❒ વ્યસનમુક્ત બની નવી રાહને દિશા બતાવે એવો હોવો જોઈએ ! ભોગી નહીં કર્મયોગી બની જ્ઞાન જ્યોત જલાવે એવો હોવો જોઈએ !"

# વિદેશની ધરતી પર હાલોલની કલરવ સ્કુલનું એક નવું યશ સોપાન




તાજેતરમાં ૧૫ થી ૨૦ સપ્ટેમ્બર દરમ્યાન મોરેશીયસ ખાતે યોજાયેલ ૪થા રાષ્ટ્રીય કવોલીટી કંટ્રોલ સર્કલ અને વર્લ્ડ કાઉન્સિલ ફોર ટોટલ ક્વોલીટી એક્ષલેન્સ ઈન એજ્યુકેશન અંતર્ગત અધિવેશનમાં શાળાના આઈ. ટી. મેનેજર હાર્દિક જોષીપુરા ના માર્ગદર્શન હેઠળ ગુજરાતી માધ્યમ પ્રાયમરી વિભાગના વિદ્યાર્થીઓએ કેસ સ્ટડી પ્રેઝન્ટેશન, પોસ્ટર સ્લોગન અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લઈ વિજેતા થયેલ છે. ધો. ૬ ના વિદ્યાર્થીઓ ઓમ ઠક્કર, હેત્વી જોષી, કૃષ્ણપાલ બારીઆ, વિજેન્દ્ર અહિરવાર અને નૈરૂતી પટેલ દ્વારા શાળામાં વધારે પડતી ગેરહાજરી વિદ્યાર્થીઓના અભ્યાસ અને પ્રગતિમાં અવરોધરૂપ બને છે તેને નિવારવા માટેનો કેસ સ્ટડી રજૂ કરી બેસ્ટ કેસ સ્ટડી એવોર્ડ મેળવ્યો છે. તેમ જ પોસ્ટર સ્લોગન અને સાંસ્કૃતિક માં પણ ઈનામ મેળવી વિદેશમાં આટલા નાના ભૂલકાંઓએ કલરવનો ડંકો વગાડેલ છે. નેપાળ, શ્રીલંકા, બાંગ્લાદેશ, પાકિસ્તાન, મોરેશીયસ, ભારત તથા તેના અનેક રાજ્યોએ ભાગ લીધેલ. પશ્ચિમ ભારતના રીજીયોનલ ડાયરેક્ટર કલ્પનાબેન જોષીપુરાએ ગુજરાતના ૬૦ જેટલા ડેલીગેટસનું સંકલન કરી ઓલ ઈન્ડિયા રામાનુજન મેથ્સ ક્લબના પ્રમુખશ્રી ડૉ. ચંદ્રમૌલી જોષી અને અન્ય તમામ સભ્યોએ પણ ગણિત વિશેની સુંદર માહિતિસભર પેપરપ્રેઝન્ટ કરેલ. સુરતના જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ડૉ. કે. આર. ઝાંઝરુકિયાસાહેબ અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ. માધ્યમિક શિક્ષણ બોર્ડના મ. સચિવશ્રી વણકરસાહેબે ખાસ રસ લઈ ગુજરાતના તમામ સભ્યોને માર્ગદર્શન આપી પ્રોત્સાહિત કરેલ અને વિવિધ સંસ્થાઓની તથા કૉલેજની મુલાકાત લઈ આપણી અને વિદેશની શાળાઓનો તુલનાત્મક અભ્યાસ વિદ્યાર્થીઓને દર્શાવેલ.

# એક અનોખો શિક્ષકધર્મ

ચાવડા દક્ષાબેન ભારતસિંહ
આ.શિ. હાલોલ કન્યા શાળા

એક દિવસ એક શિક્ષિકાબહેને નવમા ધોરણના વિદ્યાર્થીઓને બે મોટા કાગળમાં પોતાના ક્લાસના વિદ્યાર્થીઓનાં નામ લખવા કહ્યું. દરેક નામની સામે તેમજ નીચે બે લીટી ખાલી રાખવાનું કહ્યું. વિદ્યાર્થીઓને નવાઈ લાગી. થોડીક ઈંતેજારી પણ થઈ કે બહેન શું કરવા માંગે છે ?

શિક્ષિકાબહેને ત્યારબાદ દરેક વિદ્યાર્થીના નામની સામે જે-તે વિદ્યાર્થીના સૌથી સારા ગુણો વિશે બધાને જેટલું યાદ આવે તેટલું લખવાનું કહ્યું. દરેકે દરેક વિદ્યાર્થીના સદ્‌ગુણને યાદ કરીને લખવામાં બધા વિદ્યાર્થીઓને ખાસ્સી વાર લાગી. આવા નવતર પ્રયોગનો આનંદ પણ આવ્યો. ક્લાસનો બાકીનો સમય આ કાર્યમાં જ પૂરો થયો. શાળા છૂટ્યા બાદ દરેકે પોતાનું લખાણ શિક્ષિકાબહેનને સુપરત કરીને વિદાય લીધી.

અઠવાડિયાના અંતે શિક્ષિકાબહેને દરેક વિદ્યાર્થીના નામવાળો એક-એક કાગળ તૈયાર કર્યો. પછી તેના પર વર્ગના દરેક વિદ્યાર્થીએ તેના વિશે શું સરસ લખ્યું છે તેની યાદી લખી. સોમવારે ફરીથી ક્લાસ મળ્યો ત્યારે તેમણે દરેકને પોતાના નામવાળી યાદી આપી. દરેક વિદ્યાર્થી આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયો. દરેકના મોઢેથી આનંદના ઉદ્‌ગારો સરી પડ્યા.

'અરે ! ભગવાન ! બધા મારા વિશે આટલું સરસ વિચારે છે ? દરેકના હૃદયમાં મારા માટે આટલું બધું સન્માન હશે ? આવું તો મેં ક્યારેક સપને પણ વિચારેલું નહીં ?'

બધાં મને આટલું ચાહતા હશે તેની કલ્પના પણ મેં ક્યારેય નહોતી કરી !'

આંખમાં આંસુ સાથે દરેક વિદ્યાર્થી આવા ઉદ્‌ગારો વ્યક્ત કરતા ગયા. પોતાનું મહત્ત્વ બીજાને મન આટલું બધું હશે એ કોઈના માનવામાં જ નહોતું આવતું !

એ દિવસ પૂરો થયો. ત્યાર બાદ બધા જ વિદ્યાર્થીઓ એકબીજા સાથે હળીમળીને જ રહ્યા. કોણે કોના વિશે શું લખ્યું હતું તે કોઈ જાણતું ન હતું. એટલે બાકીનાં વરસો દરેક જાણે એકબીજાની લાગણી ન દુભાય તેનો બરાબર ખ્યાલ રાખ્યો. મહિનાઓ વીતી ગયા. આ વાત પણ ભુલાઈ ગઈ.

ઘણાં વરસો પછી એ જ શહેરનો એક વિદ્યાર્થી વિયેટનામ સામેની લડાઈમાં માર્યો ગયો. નામ એનું માર્ક એનું શબ ગામમાં લાવવામાં આવ્યું. દેશને ખાતર ખપી જનાર એ જવાંમર્દને શ્રદ્ધાંજલિ આપવા લોકો ઊમટી પડ્યા. પેલાં શિક્ષિકાબહેન પણ એમાં સામેલ હતાં. જ્યારે એમણે અશ્રુભરી આંખે... 'મારા વહાલા વિદ્યાર્થી ! ભગવાન તારા આત્માને શાંતિ અર્પે... એમ કહીને કોફિન પર ફૂલ વેર્યા. ત્યારે બાજુમાં ઊભેલ અન્ય એક સૈનિક નજીક આવ્યો.

ધીમેથી એણે કહ્યું. 'શું તમે જ માર્કનાં નવમા ધોરણના ક્લાસ-ટીચર છો મેડમ ?'

'હા કેમ ?' શિક્ષિકાબહેનને આશ્ચર્ય થયું.

'ના, કંઈ નહીં. માર્ક તમારા વિશે હંમેશા ખૂબજ કહેતો રહેતો. તમને હંમેશા એ અતિ આદરથી યાદ કરતો.'

અંતિમ ક્રિયા પતી ગયા પછી પ્રાર્થના માટે બધા એકઠા થયા ત્યારે એક સજ્જન પેલાં શિક્ષિકાબહેનની પાસે આવ્યા અને અત્યંત માનપૂર્વક બોલ્યા : 'નમસ્તે ? તમે જ માર્કના નવમા ધોરણના ટીચર છો ને ? જુઓ, માર્ક મરાયો ત્યારે એના ખિસ્સામાંથી આ કાગળ મળેલો એના પર માર્કે પોતાના હાથે લખેલું છે કે નવમા ધોરણમાં મારા અતિ આદરણીય ક્લાસટીચર તરફથી મળેલી સર્વોત્તમ ભેટ...'

સેલોટેપ વડે ઠેકઠેકાણેથી ચોંટાડેલો એ કાગળ કેટલી બધી વખત ખોલેલ અને ફરીથી ગડી વળાયેલો હશે એ એવી સ્થિતિ પરથી સાફ દેખાઈ આવતું હતું. કાગળ જોઈને શિક્ષિકાબેન ગળગળાં થઈ ગયાં. એ પેલો જ કાગળ હતો જે એક દિવસ એમણે ક્લાસના દરેક વિદ્યાર્થીને એમના અંગે બીજા વિદ્યાર્થીઓ શું સરસ વિચારે છે તે નોંધીને આપેલું.

'બહેન ?' માર્કની જ બેરકેમાં સાથે રહેલો અન્ય એક સૈનિક બોલ્યો. 'માર્ક હંમેશા કહેતો કે આ કાગળ એના જીવનની સૌથી અમૂલ્ય ભેટ હતી.'

એજ સમયે અન્ય એક યુવતી ત્યાં આવી બોલી. 'હા બહેન મારા પતિએ પણ એમનો આવો જ કાગળ મઢાવીને ઘરમાં રાખ્યો છે !'

'અને હું તો હંમેશાં માર્કની જેમજ આ કાગળ મારા ગજવામાં જ રાખું છું. મારી જિંદગીની પણ એ એક અત્યંત કિંમતી ભેટ છે !' અન્ય એક યુવકે એવો જ કાગળ કાઢીને બધાને બતાવ્યો.

વાતાવરણમાં અહોભાવથી ભરેલી શાંતિ છવાઈ ગયા. આંખમાં આંસુ અને આદરથી ત્યાં ઉપસ્થિત દરેક વ્યક્તિ પેલાં શિક્ષિકાબહેનને જોઈ રહી. હવે રડવાનો વારો શિક્ષિકાબહેનનો હતો. દરેક વિદ્યાર્થીના માથે હાથ મૂકીને એ ખૂબજ રડ્યા.

એક નાનકડો પ્રસંગ જીવનને કેવો વળાંક આપી શકે ? બીજા લોકોએ આપણા માટે કહેલા થોડાક સરસ શબ્દો આપણી જિંદગીને સુંદર ઘાટ આપી દેતા હોય છે. આપણે હંમેશા બીજા અંગે વાત કરતાં કે બોલતા આટલો જ ખ્યાલ રાખીએ તો ખાતરીથી એ લોકો એ શબ્દોને મઢાવીને જ રાખવાના ? આપણા સદ્‌ગુણો આપણને મુશ્કેલીમાં પ્રેરણા અને માર્ગદર્શન પણ આપે છે... ચાલો, ખૂબ જ મોડું થાય તે પહેલાં દુનિયાને પણ કહી દઈએ કે અમે તમને ખૂબજ ચાહીએ છીએ. !

(મોતીચારોમાંથી)

સુધાબેન એમ. પટેલ
ઉંદરા પ્રા.શાળા તા. લુણા જિ. પંચમહાલ

## બાળકોની જિજ્ઞાસા

"છોડમાં રણછોડ છે."

બાળક એ કુમળો છોડ છે તેને જેમ વાળીએ તેમ વળે છે. તેમાં સંસ્કારોનું સિંચન કરવાનું કામ એ આપણું છે. બાળકમાં શરમ, સંકોચ, ડર, લાગણી, ભય વગેરે કારણોથી બાળક શાળામાં આવી શકતું નથી, તે બોલી શકતુ નથી. પરંતુ તેનામાં રહેલા આ વિચારો આપણે દૂર કરવાના છે. તેને આપણી સમક્ષ બોલતુ કરવાનું છે "શિક્ષક કભી સાધારણ નહિ હોતા, પ્રલય ઔર નિર્માણ ઉનકી ગોદમેં ખેલતે હૈ." આપણે જ તેના માતા અને પિતા છીએ. બાળક ઉમંગ સાથે શાળામાં આવવા તૈયાર થાય છે. તેનામાં સારા-નરસા વિચારો. અવ-નવું જાણવાની ઇચ્છા સાથે આવે છે.

બાળકમાં ઘણી સુષુપ્ત શક્તિઓ છુપાયેલી છે. પણ તે શક્તિઓને આપણે બહાર લાવવાની છે શિક્ષકનો ધર્મ બાળકોની જીજ્ઞાસા દિપ્ત કરવાનો છે. એટલું જ નહિ જ્યાં બાળકની દુશંકા છે તે દૂર કરવાનું કામ આપણે જ કરવાનું છે.

બાળકને પ્રેમની જરૂર છે બે મીઠા બોલની જરૂર છે જો બાળકને પૂરતો પ્રેમ મળે તો સર્વ જગતને જીતી શકે છે. જો બાળક તંદુરસ્ત હોય તો તેનું મન પણ સશક્ત બને છે અને તન મન સારા હોય તો બુદ્ધિ પણ સારી બને છે. દા.ત. જ્યાં પક્ષી છે. ત્યાં અવશ્ય માળો છે, જ્યાં જ્યાં માનવી છે ત્યાં-ત્યાં ચોક્કસ ઘર છે. જ્યાં-જ્યાં દેવ હોય ત્યાં મંદિર હોય તો બાળક પણ જીવતો જાગતો દેવ છે. આજનો બાળક એ આવતી કાલનો નાગરિક છે. બાળકની ઉંમર નાની પણ તેનું મનોબળ ખૂબ મોટું હોય છે. દા.ત. કરોળિયો વારંવાર અથડાય, પડે પણ તે પ્રયત્ન કર્યા વિના રહેતો નથી. તો આપણે પણ નિષ્ઠાથી રસથી કામ કરીશું તો ચોક્કસ ફળ મળે જ છે. મારો વર્ગ એક મારૂ સ્વર્ગ છે.

## બેઠો છું

"હું" શિક્ષક શાળામાં આખુ ગામ લઈને બેઠો છું
ભારતના નવઘડતરનું હું કામ લઈને બેઠો છું
ભેદ મિટાવું નાતજાતના કારણ કે હું શાળામાં,
મક્કા કે હરદ્વાર હરીના ધામ લઈને બેઠો છું.
ધન, દોલત કે સંપત્તિમાં મારી કિંમત હોય છે
કારણ કે શ્રદ્ધાનું ઈનામ લઈને બેઠો છું
નજર હું મારી લંબાવીને દૂર દૂરનું જોઈ શકું,
આજ સળગતા પ્રશ્નોના અંજામ લઈને બેઠો છું.
અંતરની મુરાદને બર લાવવાને માટે તો,
સાંદીપની કે દ્રોણ ગુરૂની હામ લઈને બેઠો છું.
કર્મવીર ગાંધીજીનું જીવન ફેલાવું આખા જગમાં,
હૈયે હું ભગવદ્‌ગીતાનો શ્યામ લઈને બેઠો છું.
સૌથી પહેલાં અવગુણોને મારી જાતમાં શોધું છું.
કારણ કે હું 'શિક્ષક' એવુ નામ લઈને બેઠો છું.

પ્રજાપત સતીષકુમાર પી.
ભાદરોલી બુઝર્ગ પ્રા. શાળા
તા. કાલોલ C.R.C. બાકરોલ

# ગુણવત્તાલક્ષી શિક્ષણ કોને કહીશું ? એક ચિંતન

વિજયકુમાર આર. માછી (M.A.)
ભદ્રાલા પ્રા. શાળા તા. શહેરા

Quality based education (ગુણવત્તાલક્ષી શિક્ષણ અને Value based education મૂલ્યલક્ષી શિક્ષણ)ની આજે ઘણી બધી વાતો થાય છે. અને આવા શિક્ષણની હિમાયત કરનારાઓની સંખ્યા પણ વધતી જાય છે. તો આપણને પણ પ્રશ્ન થાય છે કે ગુણવત્તાયુક્ત શિક્ષણની જરૂરિયાત શા-માટે ઊભી થઈ ? કેવું શિક્ષણ ગુણવત્તાયુક્ત શિક્ષણ કહેવાય ? શું આજનું શિક્ષણ ગુણવત્તાયુક્ત શિક્ષણની વ્યાખ્યામાં ફીટ થાય છે. ખરું ? કદાચ આપણને લાગે કે આજનું શિક્ષણ એ પ્રમાણેનું નથી. તો તેના માટે જવાબદાર કોણ ? કદાચ બધી જ વાતોને ભૂલીને આવા શિક્ષણ માટે પ્રયત્ન શરૂ કરવો હોય તો કોણ શરૂ કરી શકે ? આવા અનેક પ્રશ્નો આપણા માનસપટ પરથી દિન-પ્રતિદિન પસાર થતા હોય ત્યારે તેના પર એક ચિંતન કરવાનું, વિચાર કરવાનું મન જરૂર આપણને થાય છે.

મિત્રો, ગુણવત્તાયુક્ત શિક્ષણની જરૂરિયાત આજે એટલા માટે ઊભી થઈ છે કે આજનો માણસ ગુણવત્તાયુક્ત નથી, કુટુંબ ગુણવત્તાયુક્ત નથી એ જ રીતે સમાજ, ધર્મ, રાજકારણ અને રાષ્ટ્ર પણ આજે આપણને ગુણવત્તાયુક્ત લાગતું નથી. અને આ તમામનો આધાર શિક્ષણ પર છે. શિક્ષણ જ માણસને ઊભો કરી શકે છે. તેથી જીવનમાં Qualities આવે તે માટે ગુણવત્તાયુક્ત શિક્ષણની જરૂરિયાત છે. પણ આવું ગુણવત્તાયુક્ત શિક્ષણ કોને કહીશું ? ખરેખર આજની શિક્ષણપ્રણાલી પર નજર કરીએ તો તેમાં ગુણવત્તાનો અભાવ જણાય છે. ગુણવત્તા એટલે બાળકની વૃત્તિમાં બદલ. ગુણવત્તા એટલે બાળકના આચાર, વિચાર અને વ્યવહારમાં પરિવર્તન.

ગુણવત્તા એટલે બાળકનું ગુણાત્મક પરિવર્તન. પરંતુ આજે તો માત્ર બાળકે મેળવેલા માર્ક્સને આધારે તેને ગુણવત્તાયુક્ત ગણવામાં આવે છે. શાળામાં આપણે 'સ્વામી વિવેકાનંદ'નો પાઠ ભણાવ્યા પછી તેના પ્રશ્નોના જવાબો જે બાળકને આવડે તેને ગુણવત્તાયુક્ત માનીએ છીએ. પરંતુ વિવેકાનંદના જીવનનો એકાદ ગુણ બાળકના જીવનમાં આવેલો દેખાય ત્યારે ગુણવત્તા આવી એમ કહેવાય. ગાંધીજી અને ભગતસિંહના જીવન આધારિત નાટક કરતા બાળકમાં પણ એવી વૃત્તિ પેદા થાય કે મારા જીવન પર પણ નાટક નિર્માણ થવું જોઈએ ત્યારે ગુણવત્તા આવી કહેવાય. બાળકને માત્ર સંગીતના રાગ શીખવવા કરતાં તેના જીવનમાં સંગીત નિર્માણ થાય તેવા પ્રયત્નો ગુણવત્તા લાવી શકે. આજે ગણિતના દાખલાના કૂટપ્રશ્નો કે કોયડા ઉકેલનાર બાળકો મોટી ઉંમરે જીવનના કૂટપ્રશ્નો કે કોયડા ઉકેલી શકતા નથી. ઘણીવાર એવું પણ બને કે વર્ગમાં વાંચન, લેખન અને ગણનમાં નબળું બાળક વિનયી, વિવેકી તથા સંસ્કારી હોય તો શું એને ગુણવત્તાયુક્ત બાળક ન કહેવાય ?

બાળકોમાં સંસ્કારોનું પ્રકટીકરણ એટલે ગુણવત્તા. આજના શિક્ષણનું મૂલ્યાંકન અને ગુણવત્તાના મૂલ્યાંકનમાં ઘણો તફાવત છે. ગુણવત્તાલક્ષી શિક્ષણનું મૂલ્યાંકન કાગળ પર ન થાય. વિના માટે શિક્ષકની વિશિષ્ટ પ્રકારની વિચારદૃષ્ટિ કામ લાગે. બાળકમાં ધારણા પ્રમાણેનો Positive Outlook જોવા મળે તો તેને ગુણવત્તાયુક્ત કહેવાય. ગુણવત્તા કેવળ તેની નોટબુક્સની ચકાસણી કરવાથી આપી ન શકાય. બાળકને પણ જોવો પડે. બાળકોમાં ગુણોનું સ્થાપન એટલે ગુણવત્તા. Open your mind instead of opening your books. પુસ્તકોને ખોલવા કરતાં મગજને ખોલવું બાળકનું મન મજબૂત થાય, બુદ્ધિ ખીલે, અને તે તેના વ્યવહારમાં દેખાય ત્યારે ગુણવત્તા આવી કહેવાય, નહિ કે પરીક્ષામાં પ્રથમ નંબરે પાસ થવાથી. ગુણવત્તાનું માપન ટકાવારીમાં થઈ શકતું નથી. બાળકનું સમગ્રતયા વર્તન પરિવર્તન એટલે ગુણવત્તા.

બાળકોમાં થયેલું ચારિત્ર્યનિર્માણ એટલે ગુણવત્તા. ગુણવત્તાયુક્ત માલ માટે જેમ અમુક લેબલ હોય તેમ

ગુણવત્તા માટેનું લેબલ એટલે ચારિત્ર્યનિર્માણ. શિક્ષણનું પરિણામ જ ચારિત્ર્ય નિર્માણ હોય. ગુણવત્તા વગરનો માલ નકામો છે, તેમ ગુણવત્તાવિહિન શિક્ષણ ચોર, લૂંટારા અને આતંકવાદી જ નિર્માણ કરે ને ? આજનું શિક્ષણ કેવળ મત આપી શકે તેવા નાગરિકો તૈયાર કરે છે, સંસ્કારી અને સુશીલ નાગરિકો તૈયાર થાય તો ગુણવત્તાલક્ષી શિક્ષણ. આજે શાળા, કૉલેજમાં ફર્સ્ટ ક્લાસ કરતાં વધારે ગુણ મેળવી પાસ થનાર વિદ્યાર્થીઓ સંસ્કારી છે ? સુશીલ છે ? નીતિમાન છે ? પ્રામાણિક છે ? નિષ્ઠાવાન છે ? રાષ્ટ્રપ્રેમી છે ? આ બધાનું સર્ટીફિકેટ આપણે કેમ આપતા નથી ? ડિગ્રી એ જ્ઞાનનો માપદંડ નથી. Information અને Knoledge માં ફરક છે. ઘણી બધી માહિતી યાદ રાખીને જ્ઞાની બની જવાતું નથી. આત્મવિશ્વાસ પર ૫૦૦ શબ્દોમાં નિબંધ લખનારને પોતાને જ આત્મવિશ્વાસ ન હોય કે સાચો પડશે કે ખોટો ? તાત્પર્ય એ છે કે લખે, બોલે પણ જીવનમાં ન આવે ત્યાં સુધી ગુણવત્તા નહિ. સૌથી વધારે માહિતી ભેગી કરીને, યાદ રાખીને, સારા અક્ષરે લખીને પ્રથમ નંબરે પાસ થવું એ ગુણવત્તાનું માપન નથી. ''મા-બાપ, વડીલો અને ગુરૂનો આદર કરવો જોઈએ.'' એમ પરીક્ષામાં લખવા અને બોલવા કરતાં તેમનો આદર કરવા માંડે તો ગુણવત્તા આવી કહેવાય.

સામાન્ય રીતે કોઈ પણ હેતુને સિદ્ધ કરવો હોય તો ત્રણ બાબતો જરૂરી છે. સાધન, સાધના અને સાધ્ય. શિક્ષણમાં આપણે આનાં વિશે વિચારીએ તો બાળકો અને આપણે જે પ્રયત્નો કરીએ છીએ તે સાધના છે અન તે માટે જરૂરી પુસ્તકો, મધ્યાહન ભોજન, શાળાકીય ભૌતિક સુવિધા, વહીવટ, પગાર આ બધી જ બાબતો તેના માટેનાં સાધનો છે. બાળકોની પરીક્ષા પણ સાધન છે. જ્યારે બાળકોમાં ગુણવત્તા આવવી, જીવવ જીવવાની સમજ આવવી, સંસ્કારો અને ચારિત્ર્ય નિર્માણ થવું આ સાધ્ય છે. પરંતુ આપણું દુર્ભાગ્ય છે કે આપણે પરીક્ષા, વહીવટ, પગાર આને જ સાધ્ય માનીએ છીએ. પરિણામે શિક્ષણનો મૂળ હેતુ બદલાઈ જાય છે. શાળાને કેમ ચલાવવી આના પ્રયત્નોમાં જ આપણું શિક્ષણ સમાપ્ત થઈ જાય છે, પરંતુ બાળકને કેવી રીતે ચાલતો કરવો, દોડતો કરવો, જીવનપથ પર આવનાર મુશ્કેલીઓની સામે લડવાની તાકાત નિર્માણ કરવી આવો વિચાર આપણે લગભગ ઓછો કરીએ છીએ. કારણ કે આવી વિચારધારા આપણામાં દૃઢ થયેલી પણ હોવી જોઈએ ને ?

ગુણવત્તાલક્ષી શિક્ષણના હેતુને સિદ્ધ કરવા માટેનું કોઈ મહત્ત્વનું સાધન હોય તો તે શિક્ષક છે. તેથી એ બાબત પણ એટલી જ જરૂરી છે કે શિક્ષક પોતે જ ગુણવત્તાયુક્ત હોય. કારણ કે If you wan to change the world, change yourself. જો તમે વિશ્વને બદલવા માગતા હોય તો હોય તો પોતાની જાતને બદલો, ઉપદેશ કરતાં વર્તન વધારે શક્તિશાળી છે. તેથી શિક્ષક પોતે જ એક એવું demostration હોય કે બાળક તે જોઈને જ શીખે. શિક્ષક કેવો હોવો જોઈએ એની વધારે ચર્ચા ન કરતાં માત્ર આપણે એટલું જ વિચારી લઈએ કે આપણી ભારતીય સંસ્કૃતિએ માન્ય કરેલ ''ગુરૂ'' હોય. વિશ્વામિત્ર અને સાંદિપની આપણા આદર્શ હોય. કારણ કે શિક્ષક જ ગુણવત્તાનું પ્રમાણપત્ર આપી શકે. અને આવું પ્રમાણપત્ર ભૌતિક હોતું નથી. તેવી તેના માટેના ચોક્કસ માપદંડો અને વિશિષ્ટ પ્રકારની વિચાર-દૃષ્ટિ શિક્ષકે કેળવવીજ પડે. ગુણવત્તા વસ્તુલક્ષી નહિ પણ આત્મલક્ષી હોવાથી બાળક સાથે વૈયક્તિક સ્પર્શ હોવો જોઈએ. બાળક અને તેના કુટુંબ પ્રત્યેનું Positive thinking જ ગુણવત્તા લાવી શકે. કારણ કે પ્રશ્નો ઘણા હોય, પૂર્વગ્રહ હોય, અમુક પ્રકારની માનસિકતા હોય છતાં પણ વાસ્તવિકતાઓ અને હકિકતોને સ્વીકારી તેમાંથી માર્ગ કાઢવાની દૃષ્ટિ કેળવાય છે. ગુણવત્તાનો પ્રયત્ન શરૂ થાય. એકબીજાને દોષારોપણ કરવાને બદલે આત્મમંથન કરી ગુણવત્તાને સાધ્ય બનાવતા શીખીએ, પરંતુ તેના માટે જરૂર છે એક જબરદસ્ત ઇચ્છાશક્તિ, ઉત્સાહ અને વૈચારિક દૃષ્ટિકોણની અને આવો પ્રયત્ન ચોક્કસ આપણા ગુણવત્તાયુક્ત શિક્ષણની કલ્પનાને સાકાર કરશે.

## શિક્ષણ સાથે

વિજયકુમાર મહેશભાઈ પટેલ
મુ. ખોડાઆંબા, તા. લુણાવાડા
સંકેત વિદ્યાલય વિરણીયા

''શિક્ષણ એટલે 'કેળવણી' અને 'શિક્ષક' એટલે 'કેળવણીકાર' કેળવણી આપવી એ જ શિક્ષકનું ધ્યેય છે અને હોવું જોઈએ.

કેળવણી એટલે માત્ર શૈક્ષણિક જ્ઞાન જ નહિ. પરંતુ એવી વિદ્યા કે જેનાથી બાળકનો સર્વાંગી વિકાસ થાય. જેમાં શિક્ષક બાળકને શિક્ષણની સાથે સાથે સંસ્કાર, સદાચાર, શિસ્ત, સ્વચ્છતા, નિયમિતતા, સત્ય વગેરેનું સિંચન કરે. શિક્ષક દ્વારા બાળકોમાં એવું સિંચન થતું હોવું જોઈએ કે બાળકો ઘર કરતાં શાળાને પ્રાધાન્ય આપે. તે માટે જરૂરી છે. પ્રાયોગિક બનવાની Be a Prectically and Follow them. ઘરેથી શાળામાં આવ્યા બાદ બાળકને એ અહેસાસ ન થવો જોઈએ કે હું મમ્મી કે પપ્પાને છોડીને આવ્યો છું. બાળકની આકાંક્ષા, અપેક્ષા, આવડત, રસ-રુચિ વિશે શિક્ષકને ખબર હોવી જોઈએ. જેથી બાળકને લાગે કે શિક્ષક અને પુસ્તક મારા આદર્શ મિત્રો છે.

શાળામાં આવ્યા બાદ શિક્ષક તણાવમુક્ત અને નિખાલસ હોવો જોઈએ. તેણે એ યાદ રાખવું જોઈએ કે તે માતા-પિતા કે પતિ-પત્ની ઉપરાંત ચોવીસ કલાક શિક્ષક રહે છે. જે માત્ર શીખવતો નથી, પણ શાળામાં તાસ કે વિશ્રાંતિ સમય દરમિયાન બાળકોનું વિહંગાવલોકન કરીને પોતે પણ શીખતો રહેલો છે. એ દરમિયાન કયા બાળકને કયા વિષયમાં કે પ્રવૃત્તિમાં રસ છે તેનું તારણ પણ કાઢવું જોઈએ.

આ ઉપરાંત શિક્ષક વ્યવસાયકાર, વેપારી, ખેડૂત, રત્નકલાકાર કે શેર બજારના માર્કેટમાં રસ ધરાવતો હશે તો ચાલશે. પરંતુ તેની આ પ્રવૃત્તિઓની અસર શાળા દરમિયાન વિદ્યાર્થીઓ સમક્ષ વર્તાશે તો તે લાયકાત અનુસાર ધાર્યું કામ નહિ કરી શકે. તેણે એ યાદ રાખવું જોઈએ કે મને મળતા વેતન અનુસારનું સચોટ કામ કરવા હું બંધાયેલો છું. આ ઉપરાંત ઘર, સમાજ કે અન્ય સંબંધોની તેના સ્વભાવ પર થયેલી અસરો બાળકોને એકાગ્ર થતાં અટકાવશે. તેમજ પોતાની ફરજ દરમિયાન ચાલુ તાસે બાળકો સમક્ષ કોઈની મશ્કરી, મોબાઈલ વાતચીત કે ગેમ, અંગત સંબંધોને લઈને ગુસ્સો કે નિંદા, છાપામાં આવતા સમાચારો પરની ટિપ્પણી કે વિવેચન સ્ટાફમિત્રો કે બાળકો સાથે આદાન-પ્રદાન ન કરતાં તેનાથી દૂર રહેવું જોઈએ.

બાળકો સમક્ષ ડર, ભય, નિંદા, ક્રોધ, હિંસા વગેરેથી દૂર રહીને પ્રેમ, હૂંફ, માતૃ-વાત્સલ્ય દર્શાવીને માનસિક રીતે પોતાની નિકટ રાખવા જોઈએ. ફ્રી તાસ દરમિયાન પણ શિક્ષક અધ્યયનશીલ હોવો જોઈએ. અને ફ્રી તાસમાં પણ બાળકોની માંગ શિક્ષક જ હોવી જોઈએ. અને એવી પ્રવૃત્તિઓ કરીને બાળકોના દિલ પર વિજય મેળવવો પડશે કે જેથી તેમનું ધ્યાન અભ્યાસમાં લાગે. શિક્ષણ એ તેમના પર લાદેલું નહિ પણ તેમણે સ્વેચ્છાએ સ્વીકાર્યુ છે. એ અનુભૂતિ થવી જોઈએ. આ ઉપરાંત સમય કાઢીને શિક્ષકે સ્ટાફ રૂમમાં સ્ટાફમિત્રો સાથે ચર્ચા કરવી જોઈએ કે શિક્ષણ રોટલાલક્ષીમાંથી જીવન-લક્ષી કઈ રીતે બને ?

શિક્ષકની કાબેલિયતની તારીફ થતી હોવી જોઈએ.

જો શિક્ષક ખુશમિજાજી, નિખાલસ અને જ્ઞાનથી ભરપૂર હશે તો જ તે શિક્ષણ-જગતનો વિજયી રાજા કહી શકાશે. અને સમગ્ર સમાજનો આદરણીય અને આદર્શ બની શકશે.

## ''જીવન એક સંઘર્ષ છે''

મહેંક આપતા ગુલાબને પણ,
કાંટાઓ સહેવા પડે છે.
સુંદર વહેતા ધોધને જ્યારે,
પથ્થરોનો માર સહેવો પડે છે.
મન હરી લેતા કમળોને પણ,
કાદવમાં રહેવું પડે છે.
હરિયાળીમાં ફરતાં હરણોને પણ,
ક્યાંક મૃત્યુનો ભય છે.
પ્રકાશ આપતા દીવાને પણ પોતે,
અંધકાર સહેવો પડે છે.
તો શું ?
સદાય સુખી માનવને,
દુઃખ સહ્યા વગર છુટકો છે ?
સુખ અને સુંદરતા દાનમાં નથી મળતી,
એનાં માટે સતત સંઘર્ષ, સંઘર્ષ અને સંઘર્ષ કરવો પડે છે.

રમેશકુમાર બી. ચૌહાણ
પ્રા. શાળા, વેજમા, તા. મોરવા

# લીયો ટોલ્સ્ટોય અને મારી આ કલમ

શ્રી કૌશિકકુમાર ડી. પટેલ
P.T.C., B.S.C. (inter)
રામપુરા (કાં) પ્રા. શાળા

મારા પ્રિય,

શિક્ષણના સહયાત્રીઓ

જીર્ણ અવસ્થા, રોગિષ્ટ શરીર અને મૃતદેહ પર પડેલી કોઈ ગૌતમની દૃષ્ટિ એક પરિણામ આપી જાય છે અને ગૌતમને બુદ્ધ બનાવી દે છે. કોઈ પિકાસોની નજરની સામે પડેલા થોડાક રંગો અને પીંછીં એક પરિણામ ધારણ કરીને અદ્‌ભુત સર્જન ઊભુ કરી દે છે. બાળપણમાં 'હરિશચન્દ્ર-તારામતીના નાટક પર પડેલી કોઈ મોહનદાસ ગાંધીની દૃષ્ટિ તેમનામાં સત્ય પ્રત્યે અનુરાગ જગાવે છે. અને ડરબનથી પ્રિટોરીયા જતાં આ જ મોહનદાસ ગાંધી નામના બેરિસ્ટરને રેલ્વેના ડબ્બાના ગોરા સહપ્રવાસીઓ 'કુલી' કહીને અડધી રાત્રે 'પ્લેટફોર્મ' પર ધકેલી મૂકે છે તો આ ઘટનામાંથી જગતને એક મહાત્મા ગાંધી મળે છે. વળી, ગિરજાઘરમાં પ્રાર્થના કરવા ગયેલું કોઈ ગૈલીલીયો નામનું બાળક, છત પર ઝૂલતો લેમ્પ જુએ છે અને તે પરથી પેડ્યુલમની શોધ કરનાર એક મહાન વૈજ્ઞાનિક બહાર આવે છે. જેમ્સવૉટ નામનો બાળક કિટલીના ઉંચા-નીચા થતા ઢાંકણનો તમાસો જુએ છે અને એ પરથી જગતને વરાળયંત્રની ભેટ આપે છે. વળી, કોઈ બેન્જામિન ફ્રેકલિન અને કોઈ વિલબર તથા ઉરવિલ રાઈટો, પોતાના પતંગ ચગાવવાના રમતિયાળ શોખને માણતા માણતા, પતંગમાંથી પ્રેરણા મેળવી આ વિશ્વમાં વીજળીની શક્તિના, ઉડન મશીન (વિમાન)ના ચમત્કારો સર્જે છે. તદ્દ્‌ન તે જ રીતે, થોડાક માણસો અને થોડાક પુસ્તકોને અસરમાં સંવેદના અને ભાવવિશ્વમાં વિહરતા-વિહરતા આ હાથમાંની કલમ પણ આ સફેદ કાગળ પર શાહીનું નૃત્ય કરવા મંડી જાય એ પણ એટલું જ સ્વાભાવિક બનવા જોગ છે.

હા, બેશક અહીં આ માટે પ્રથમ મહેરબાની તો રજજબની જ છે. કારણ કે એમણે જ અહીં એ સમજાવ્યું છે કે કોઈ પણ દૃષ્ટવ્ય ત્યારે જ સાર્થક કહી શકાય છે જ્યારે તેને અનુરૂપ કંઈક કરી શકાય. હા, મિત્રો આ પછી જ હું આ કાગળ અને કલમની દુનિયામાં એક વાચકને ભૂમિકામાંથી સહેજ આગળ વધ્યો છું અને કંઈક વિશેષ ભૂમિકામાં રહેવાનો પ્રયાસ કરતો રહું છું.

ખેર, આ રજજબ અને બીજા એવા કેટલાય અદ્‌ભુત વ્યક્તિત્વો કે જેઓ મારી આ કલમ પર જીવંતતાનો છંટકાવ કરતા રહ્યા છે અને ત્યારબાદ તેઓ આ કલમથી નિર્માતા શબ્દોની પાછળ રહેલી પૃષ્ઠભૂમિમાં સમાઈ જઈ, એકાકાર બનતા રહ્યા છે તેમની પ્રેરણાઓને ઉઘાડી કરી, પ્રેરણાના સ્રોત સમા આ અમી ઝરણાઓને અહીં આ કાગળ પર વહેતા મુકવાનો મારો આશય છે. હા, મિત્રો ! આ ઝરણાઓની પાસે નિરાંતે બેસજો. એ મારી માફક તમને પણ કશુંક આપી જશે.

હા, - "મને કક્કો સમજવામાં ઘણી તકલીફ પડી છે; મને એકડો ઘૂંટવામાં ઘણી તકલીફ પડી છે." કોઈકે ઉઘાડી કરેલી આ મૂઝવણ એ શિક્ષણના પ્રથમ પગથિયા પર ઉભેલા સૌની સ્વાભાવિક મૂઝવણ હોય છે. હું પણ તેમાંથી પસાર થયો છું પણ હા, કેટલીક નવી મૂંઝવણો સાથે લઈને ! હા, મિત્રો ! આ કક્કો અને બારાક્ષરી'ની અટપટી દુનિયામાંથી પસાર થતાં-થતાં હું હાથમાં કલમ લઈને ઘણો બધો સમય યુદ્ધભૂમિમાં ઉભેલા અર્જુનની સંક્રમણકાલની અવસ્થામાં જ વીતાવતો રહ્યો હતો. અર્થાત્ એક તરફ આ 'કક્કો બારાક્ષરી', એક તરફ 'હું' અને વચ્ચે કંઈક મૂંઝવણો - આ ત્રણ ધ્રુવો વચ્ચે કંઈક અર્થ શોધવા મથી રહ્યો હતો. આ વેળામાં ક્યારેક-ક્યારેક કોઈ મરીઝ એમ કહેતા મળતાં રહેતા કે રહેવા દે આ બધુ

*હા સફરને છેહ દઈ દોને અટકતા શીખો.*
*કદી મંજિલની મહોબ્બતથી છટકતાં શીખો*
*સમયમા બંધાવું નહિ. સમય સાથે ખેલતા રહેવું*
*સમયની સામે ઝુલ્ફ ઝટકતા શીખો.*

છતાં હું ક્યાંય અટક્યો નહિ અને શિક્ષણનો પ્રવાસ ચાલુ જ રાખ્યો. પછી હા, પ્રયાણ આગળ વધતાં જ આ 'કક્કો અને બારાક્ષરી'ના આધાર પર રહીને ઉઠી રહેલે મહાન ધ્વનિઓની સ્વર લહેરીયો ધીમે ધીમે મારી સામે સ્પષ્ટ બનતી ગઈ. અને તેની સાથે-સાથે ક્ષિતિજની સોડમાં જેમ સંધ્યા ઢળી જાય તેમ આ કલમ પણ ધીમે-ધીમે ઢળતી રહી. કંઈક આ અસરમાંજ એક અદભુત કહી શકાય એવા મહાન વ્યક્તિત્વ લીયો ટોલ્સ્ટોયનો ભેટો થઈ ગયો અને એ પછી એમણે જ આ ઢળતી કલમને 'પ્રવાસી' બનાવી દીધી.

હા, મિત્રો ! શિક્ષણની બે સીડી (૧) સાક્ષરતા (૨) શિક્ષણમાંથી પ્રથમ પગથિયા અક્ષરતા પર પહોંચનારે શિક્ષણની બીજી સીડીમાં આગળ પ્રવાસ કરતા-કરતાં ત્રણ બોધ (૧) સત્ય (૨) સૌંદર્ય (૩) નેકીની સમજ મેળવી લેવી જોઈએ. અને તો જ તેની કલમ સાર્થક બની શકે. હા, બેશક, આ ત્રણેયના અર્થમાં સામજસ્યની સ્થિતિ ઊભી થાય અર્થાત્ સંતુલન સધાય તો જ લખાણ અસરકારક બની શકે છે. અને પછી જ લખનારનું લખાણ એ ફક્ત લખાણ નહિ રહેતા વાચક પાસે એક નિમંત્રણ લઈને જાય છે. બીજા શબ્દોમાં આખી વાતને એમ કહી શકાય કે લખનારની કલમ જાણે-અજાણે, વત્તા-ઓછા અંશે આ ત્રણ બોધની આસપાસ ફરતી રહેતી હોય છે.

ખેર, હવે પ્રશ્ન થાય કે સત્ય શું છે ? સૌંદર્ય શું છે ? આ નેકી શું ? - જો કે આ વિશેની કોઈ પણ વાત એ સાંકીર્ણતાના ચક્રવ્યૂહમાં પ્રવેશ કરવા જેવી છે, એ હું જાણું છું. એથી એનાથી હું દૂર રહીને, એના ઉદ્ભવ વિશે જ વાત કરવાનું હું પસંદ કરીશ. હા મિત્રો ! હું નિઃશંકપણે કહી શકુ છું કે આ બધું ક્યાં હોઈ શકે !

*હા,*

*વો સૂફી કા કૌલ હો, યા પંડિત કા જ્ઞાન*
*જિતની બીતે આપ પર ઉતના હી સચ માન.*
*ચાહે ગીતા બાંચીએ, યા પઢિએ કુરાન,*
*મેરા-મેરા પ્યાર હી હર પુસ્તક કા જ્ઞાન*

અર્થાત્ આ બધાનું ઉદ્ગમ પ્રેમ જ છે સત્ય ત્યાં છે, જ્યાં પ્રેમ છે. સૌંદર્ય ત્યાં છે. જ્યાં પ્રેમ છે. નેકી પણ ત્યાં છે જ્યાં પ્રેમ છે. અર્થાત્ પ્રેમપૂર્ણ વ્યક્તિત્વની આસપાસ જ આ સત્ય, સૌંદર્ય અને નેકી ઉદય પામતા રહે છે. એટલે કે હૃદય જેનું પ્રેમપૂર્ણ હોય તેને જ આ ત્રણેય બોધ આત્મજ્ઞાન થતા હોય છે. ખેર, અહીં સુજાન સોન્ટાગનો ઉલ્લેખ શ્રેયસ્કર રહેશે. હા, સુજાન સોન્ટાગે એવું તારવ્યું છે કે એક સારો લેખક સ્વભાવે પ્રથમ પ્રેમાળ પતિ કાં તો નિર્દોષ પ્રેમી હોય છે અર્થાત્ પ્રેમપૂર્ણ વ્યક્તિત્વમાં એક મહાન લેખકની સંભાવના નિહિત છે અહીં વળી ખૂબ મઝાની વાત એ છે કે આ સત્ય, સૌંદર્ય અને નેકીના પ્રતિષ્ઠારૂપે કુદરતે બાળકની ભેટ ધરી છે. એટલે જો બાળકનું સાંનિધ્ય કેળવવામાં સફળ થઈ જવાય તો બેશક, સાચા લેખક બનવાની સફળતા હાથવેંત જ રહે ! હા, મિત્રો ! પ્રેમપૂર્ણ બનવાનો જો કોઈ ચાન્સ હોય તો તે બાળકના સાંનિધ્યમાં કે પછી બાળક જેવી નિર્દોષતા ધરાવતા વ્યક્તિત્વની આસપાસજ હોય છે. એટલે પછી આપણા માટે તો બસ ચાન્સ-ચાન્સ કારણ કે આપણે તો કુદરતે ધરતી પર મોકલેલા આ બાળક નામના નિર્દોષ ફૂલની નજીક છીએ ! બસ ! આ વાતને આટલે અટકાવીએ અને હવે કેટલીક વાતો લેખનતંત્ર વિશે સમજીએ.

તો, મિત્રો ! ભાષાવિજ્ઞાન શબ્દ રચનાના પાયા શીખવતા પાંચ બાબતો પર પ્રકાશ નાખે છે. જેમાં (૧) ભાષાપ્રેમ (૨) ચોક્કસ કક્ષાનો ખ્યાલ (૩) એ કક્ષાથી ઉપર જવાની તમન્ના (૪) શંકા નિવારણ માટે સાહિત્યની સુલભના અને (૫) તંદુરસ્ત અભિગમની વાત મૂકે છે. પણ હા, એમાં કોઈ અખો એમ કહેતા હોય છે કે - ભાષાને શું વળગે ભૂર, રણમાં જીતે તે શૂર'' - તો વળી, મકરંદ દવે એમ કહેતા હોય છે કે ''શબ્દોની સંગત છોડી દઉં મારા સાધુ મને અનહદનો સૂર એક આપો.'' બેશક ખૂબ મૂઝવણ છે. અહીં, અને હા... મૂંઝવણનીય એક મઝા હોય છે. જો કે હું તો આ મઝા લૂંટતો રહ્યો છું અને લૂંટીશ પણ આપણા ભાષાવિદો માટે આ અખાને અને મકરંદ દવેને મુકવાનું એક મીઠુ અડપલુ કરતો જાઉ છું. તેઓ આ અખાને - ''ભાષા વગર બધુ ભૂર, રણ એના વગર તો ઘણુ દૂર.'' બસ એમ જ અને મકરંદ દવેને ''શબ્દોના સંગતની ટોળી લઉં મારા ભાઈ

તો મહી વાગે અનહદનો મને છાપો એમ બતાવવા તેમની કલમ આપણી વચ્ચે આવે ત્યાં સુધી રાહ જોવાનું રાખીને હું લીયો ટોલ્સ્ટોયે બતાવેલા લખાણ પાછળના વિજ્ઞાનને ઉઘાડુ મૂકુ છું.

હા, મિત્રો ! કંઈક લખવું એ સાધારણ વાત નથી. એની પાછળ આખુ વિજ્ઞાન છે જેમાં.

(૧) પહેલા મસ્તિકમાં પેદા થતા ઘણા બધા વિચારોમાંથી કોઈ એકને પસંદ કરવો.

(૨) એના માટે શબ્દોને પસંદ કરીને અસરકારક અભિવ્યક્તિ પ્રદાન કરવી.

(૩) ત્રીજુ એને યાદ રાખીને તેના માટે સ્થાન શોધવું.

(૪) ચોથુ લખાયેલાને યાદ રાખીને તેની પુનરુક્તિ ન થવા દેવી.

(૫) વિચારવું અને લખવું બેઉ કામ સાથે કરતી વખતે એકબીજામાં અવરોધ ન ઊભો થાય તે માટે એકાગ્રતા કેળવવી.

બસ ! આ ચાર-પાંચ બાબતો જણાવું છું અને સાથે-સાથે એક મશહૂર શેર પર જે ક્યારનોય આ લખતી વેળાએ મારી નજરની સામે અદબમાં ઊભો છે. તેને કાગળ પર ટપકાવવા કલમને રોકી શકતો નથી.

*હા, સિર્ફે હંગામા ખડા કરના મેરા, મકસદ નહીં*
*મેરી કોશિશ હૈ કિ સૂરત બદલની સાહિસે*
*મેરે સીને મેં નહીં તો તેરે સીને મેં સહી*
*હો કહી ભી આગ લેકિન જલની ચાહએ.*

આમાંથી કંઈક મેળવી લેવું એ વિષય સૌ સૌની સમજણનો છે.

**મજાક-મજાકમાં**

એક મિત્રએ મને પૂછ્યું - " બાળકને પેશાબ જવાની પરવાનગી લેવા ટચલી આંગળી ઉંચી કરવાનો નિયમ શા માટે ?

મેં કહ્યું - "કારણ કે જો અંગૂઠો ઉંચો કરવાનો નિયમ રાખે તો સામે જો કોઈ દ્રોણ હોય તો બિચારાનો અંગૂઠો જતો રહે !

## બાપુ ગાંધી

ક્ષિતિજે છૂપાયો સૂરજ
 જગ વ્યાથી અંધિયારી આંધી
સપનામાંથી જાગ્યુ ભારત
 હૈયે હોઠે બાપુ ગાંધી
તરવર તરવર કરતી યાદો
 સપના માંથી જાગી નોંધી
સત્ય એજ પરમેશ્વર માન્યા
 એથી ઊંચી ન કોઈ ગાદી
ગરીબીની ઓઢી ચાદર
 હાથે કાંતી આથી ખાદી
વૈષ્ણવજન - હૈયે આરોપ્યા
 રઘુપતિ રાઘવ પ્યાલી પીધી
આઝાદી મેળવવા કાજે
 ભીષ્મ સમી પ્રતિજ્ઞા લીધી
મેણાથમાનો અહીં સહીને
 જેલોમાં તપસર્યા સાંધી
વણ હથિયારે ખેલ્યો યોદ્ધો
 દિલ-ડીલની ઢાલ જ કીધી
ગોરા ગોરા પરદેશીને
 ઘરની વાટ બતાવી દીધી
વિશેના બલિદાનની ભૂખી
 આઝાદી ત્રીરંગે દીધી
મન મોહન મથુરાના તારક
 ભારત તારક બાપુ ગાંધી
મન મોહન જો દેવ હતા તો
 બાપુ હતા એ વાત જ સિદ્ધિ
સાચી શ્રદ્ધા ! સત્ સત્ વંદન
 સ્વીકૃત કરશો બાપુ ગાંધી

હેમુભાઈ કલજીભાઈ તાવિયાડ
આ.શિ. ઉર્ફ. ચીચાણી
તા. સંત. જિ. પંચ.

# ચિંતનદીપ

શરદ એચ. પટેલ
સિ.લે., ડાયટ, સંતરામપુર

**સ્નેહ**

કોઈનો સ્નેહ ક્યારેય ઓછો નથી હોતો
આપણી અપેક્ષાઓ જ વધારે હોય છે.

-હરિન્દ્ર દવે

**શ્રદ્ધા**

જો હોય શ્રદ્ધા મુસાફરને પૂર્ણ મંઝિલમાં,
તો આપ મેળે વળે છે, કદમ મુકામ તરફ.

-અમૃત ઘાયલ

**યાદ**

તમે જે ચાહ્ય તે લઈ જાવ મારી ના નથી કાંઈ,
તમારી યાદ રહેવા દો ફક્ત મારા જીવન માટે

-શયદા

**આંસુ**

હસો તો એવું હસો કે પ્રસન્નતાની એ મહેફિલમાં
ખુદ આંસુનેય આવવાનું મન થાય
ને રડો તો એવું રડો-એવી રીતે રડો
કે આંસુ જેવા આંસુનેય એની જાણ ન થાય ?

-માધવ રામાનુજ

**વાંચવા જેવું**

શિક્ષકો એવો એક વિરાટ લોકસમૂહ છે.
જે વાંચી શકે છે પણ શું વાંચવા જેવું
છે તેનો વિવેક કરી શકતો નથી.

-એમરસન

**જવાબદારી**

જવાબદારી આવે એથી અકળાવું નહી,
ઈશ્વર ઉપાડી શકાય એટલી જ
જવાબદારી નાખે છે.

-રવિશંકર મહારાજ

**વિદ્યા**

વિદ્યા પૈસા મેળવવા માટે ભગવાની નથી
વિદ્યા તો જીવનનું દર્શન કરવા સુખ,
શાંતિ અને સમાધાન મેળવવા તેમ જ
ઈશતત્વ પહોંચવા મેળવવાની છે.

-પાંડુરંગ આઠવલે

**શ્રદ્ધા**

માનવી એ પ્રભુ પર એટલી શ્રદ્ધા,
રાખવી જોઈએ કે જેથી તેને
જગતની સહાનુભૂતિની જરૂર ન પડે

-ઈશુખ્રિસ્ત

# ગરવી ગુજરાત...

અમે ગરવી ગુજરાતના તારલા રે
અમે ગુણીયલ ગુજરાતના તારલા રે
    દિયે વિશ્વ ધરામાં માના રૂપ અમે...
મહેર પૂરવ જનમના પૂન્યની રે
    ભાગ્યે પામ્યા ગરવી માની ગોદ અમે...
તપ તવ્યા તોયે નવ પામીયા રે
    ભોળી ગરવી ગુર્જર માની ગોદ અમે...
માતા ધરમનું ધામ દયા રૂપ છે રે
    રૂડા સંતોના છાંયડે સ્વરૂપ અમે...
કાળા કાળા કરજા ગોરા લોકના રે
    તેથી તેડ્યા સજ્જન શૂરવિર અમે...
આવ્યા બાપુ બાબુને ક્રાંતિ વિરલા રે
    ધર્યા ગરવી ગુર્જર મહીં રૂપ અમે...
ભાંગી ભાંગી ગુલામીની કેડને રે
    ભાંગી ભાંગી ભારતમાની ભીડ અમે...
ધ્વજ ફરક્યા દિલ્હી રૂપી દિલમાં રે
    શોભ્યા ત્રણે ભુવન ત્રણે રંગ અમે...
ગૂંથ્યા તારા-હિરાને મોતી તારમાં રે
    તેજ દિપ્યા-ચમક્યા ને શોભ્યા આજ અમે...

હેમુભાઈ કલજીભાઈ તાવિયાડ
આ.શિ. ઉપલા ફ. ચીચાણી
તા. સંત. જિ. પંચ.

# ''ઓપનબુક એક્ઝામ-શિક્ષણક્ષેત્રે નવું સોપાન''

એસ. એસ. ભાટી
સિ. લેકચરર
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સંતરામપુર

માનવજીવનની વિકાસયાત્રામાં તેની પ્રયોગવૃત્તિ સૌથી મહત્વનું પરિબળ છે. માનવે વિકાસનો જે શિખરો સર કર્યા છે, તેની પાછળ વિવિધ પ્રકારનાં પ્રયોગો કારણભૂત છે. એમાના કેટલાક પ્રયોગો તો સમાજ ક્રાંતિકારી પરિણામ લાવનારા સાબિત થાય છે. વ્યક્તિએ અત્યારે જે વિકાસ સાધ્યો છે. તે ચરમસીમાએ તો છે જ પરંતુ હજી ઘણું કરવાનું બાકી છે.

જીવનના દરેક ક્ષેત્રે વિકાસ માટે વિવિધ પ્રયત્નો થતા જ રહે છે. તે ક્ષેત્ર ભલે કૃષિ હોય, ઉદ્યોગ હોય કે શિક્ષણ હોય જે ક્ષેત્ર નૂતન વિચારોને સ્વીકારીને તેને અમલીજામાં પહેરાવે તે તેટલો જલ્દી વિકાસ પામે તે સ્વાભાવિક બાબત છે. ઉદ્યોગ અને કૃષિક્ષેત્રે પરિવર્તનની ગતિ શિક્ષણ કરતાં કંઈક અંશે વધુ છે. તેની પાછળનું કારણ નૂતન વિચારોની અજમાઈશ છે. શિક્ષણક્ષેત્રે પણ ઘણાં બધા ક્રાંતિકારી અથવા તો ધરમૂળથી ફેરફારો થયા છે. અને તેના મીઠા ફળ આપણે ચાખી રહ્યા છીએ. પરંતુ હજુ ઘણુ કરવાનું બાકી છે. શિક્ષણક્ષેત્રે ઓપનબુક એક્ઝામ એક એવો જ ખ્યાલ છે. જેના અમલથી શિક્ષણ જગતને નવી દિશાઓ પ્રાપ્ત થશે. નુતન વિચારો સાથે કેટલીક મુંઝવણો હોય તે સ્વાભાવિક છે. જેનો વિચાર કરી હલ સુચવવો એ એટલું જ મહત્વનું છે. એવી કેટલીક બાબતો પર પ્રકાશ પાડવાનો પ્રયત્ન કરીએ.

**ઓપનબુક એક્ઝામનો હેતુ શો ?**

બાળકની સમજશક્તિ, વિચારશક્તિ, તર્કશક્તિ વગેરેનું મુલ્યાંકન કરવું એ પરંપરાગત પરીક્ષા પદ્ધતિનો મુખ્ય હેતુ હતો, પરંતુ ઓપનબુક એક્ઝામમાં આમાની કંઈ શક્તિનું મુલ્યાંકન થશે તેમજ કંઈ શક્તિની અવગણના થશે. તે એક વિચાર માંગી લે તેવો પ્રશ્ન છે. કયા ધોરણથી ઓપનબુક એક્ઝામનો અમલ.

આ પણ એક ઓપનબુક એક્ઝામની સમસ્યા છે. જો માધ્યમિક કક્ષાએથી કોઈ એક નિશ્ચિત ધોરણમાં ઓપનબુક એક્ઝામ લેવાની થાય તો બાળક માટે આ એક બિલકુલ નવીન બાબત થઈ પડે, તેથી ઓપનબુક એક્ઝામમાં ધાર્યા પરિણામ હાંસલ ના પણ કરી શકે.

**પ્રશ્નપત્રનું માળખુ :**

પરંપરાગત પરીક્ષા પદ્ધતિમાં જ્ઞાન, સમજ, ઉપયોજન, કૌશલ્યને તપાસવા માટેનું માળખું નિશ્ચિત હોય છે. અને એ અનુસાર પ્રશ્નપત્ર તૈયાર થાય છે. જ્યારે ઓપનબુક એક્ઝામમાં શિક્ષણના મુળભૂત હેતુઓનું મૂલ્યાંકન કરતું પ્રશ્નપત્રનું માળખું બનાવવું ખૂબ કઠિન બાબત છે.

વિદ્યાર્થીઓ ઓપનબુક એક્ઝામથી મૌલિક ચિંતનને અવકાશ રહેતો નથી, તેથી બાળકનો સાંગોપાંગ વિકાસ ન થઈ શકે.

**વિદ્યાર્થીની મર્યાદાઓ :**

ઓપનબુક એક્ઝામમાં સમજશક્તિ કે મૌલિકશક્તિ કરતાં લેખનશક્તિ જ મહત્વની થઈ પડતા જે બાળક સમજશક્તિ, તર્કશક્તિમાં પાવરધો હોય, પરંતુ લેખનમાં પાછળ હોય તો તેનું યોગ્ય મુલ્યાંકન શક્ય નથી. આનાથી ઉલટું સારી લેખનકળા ધરાવતો બાળક પેલાં બાળક કરતાં સારું પરિણામ પ્રાપ્ત કરી શકે, જે યોગ્ય ન કહી શકાય.

ઉપરોક્ત જેવી કેટલીક બાબતો ઓપનબુક એક્ઝામના અમલીકરણ સામે મોં ફાડીને ઉભી છે. પરંતુ તેનો હલ નથી એવું પણ નથી. કેટલાક પાસાઓનો વિચાર કરી અજમાઈશ કરવામાં આવે તો ધારી સફળતા પ્રાપ્ત થઈ શકે.

**(૧) ઓપનબુક એક્ઝામ માટે સંશોધન :**

આ પદ્ધતિથી એક્ઝામ લેતા પહેલાં પ્રાયોગિક ધોરણે તેની અજમાઈશ થવી જરૂરી છે, એક જ પાત્ર પર બન્ને પદ્ધતિઓ દ્વારા પરીક્ષા લઈ પ્રાપ્ત પરિણામોની તુલના કરી તફાવત વચ્ચેનું અંતર જોવું જોઈએ, અને અજમાયશ વ્યાપક પ્રમાણમાં હોવી ઘટે.

**(૨) ઓપનબુક એક્ઝામ અને પરંપરાગત એક્ઝામનો સમન્વય :**

ઓપનબુક એક્ઝામ એ આપણા દરેક માટે એક નવો ખ્યાલ છે. તેથી તેનો સો ટકા ઉપયોગ ન કરતા હાલના તબક્કે બન્નેનો એટલે કે ઓપનબુક એક્ઝામ અને પરંપરાગત પરીક્ષા પદ્ધતિનો સમન્વય સાધવો જોઈએ.

**(૩) હેતુઓને સિદ્ધ કરતું પ્રશ્નપત્રનું માળખું :**

ઓપનબુક એક્ઝામમાં પ્રશ્નપત્રનું માળખું એવું ન હોવું જોઈએ કે બાળક સીધેસીધી નકલ કરી શકે. પ્રશ્નના સ્વરૂપને એ રીતે ફેરવવું જોઈએ કે બાળક કંઈક અંશે વિચાર કરતો થાય. વિષયવસ્તુના હાર્દને સાંકળતા એવા પ્રશ્નો મુકી શકાય કે બાળક વાંચન તરફ પ્રેરાય.

**(૪) સમાજનો હકારાત્મક અભિગમ :**

ઓપનબુક એક્ઝામની સફળતા માટે તે તરફનો હકારાત્મક અભિગમ જરૂરી બની જાય છે. આ પદ્ધતિના ઉપયોગ પહેલાં સમાજમાં હકારાત્મક વાતાવરણ ઉભું કરવું જોઈએ અને તે માટે આચાર્યો, શિક્ષકો, વિદ્યાર્થીઓ, વાલીઓ અને કેળવણીકારો વગેરેનો વિશ્વાસ સંપાદિત કરવો અને સહિયારો પ્રયત્ન કરવો જોઈએ.

ઓપનબુક એક્ઝામ એ ચોક્કસ શિક્ષણ જગતને નવાં આયામો તરફ દોરી જાય છે. એમાં શંકાને સ્થાન નથી. પરંતુ તેનો એકાએક અમલ કરવો યોગ્ય નથી. તેના અમલ માટે વિચારકો અને કેળવણીકારોએ વિચાર કરવો પડશે. અને તેના સારા-નરસાં પરિણામોને ચકાસીને આ પદ્ધતિ દ્વારા સમાજને કેવા ફળ પ્રાપ્ત થશે તેનો ગંભીરતાપૂર્વક વિચાર કરવો પડશે. ગુજરાત આ આગવાં વિચારને સંપુર્ણપણે સ્વીકારતું રાજ્ય બની રહે એ આપણા સૌ માટે આનંદની બાબત બની રહેશે.

## શિક્ષકનું પંચામૃત

***"શિશુની વાટમાં આપણ સહુ,***
***કંકરને દૂર કરી શંકર બનીશું સહું."***

આપણું નાનકડું બાળક માટીના પિંડ સમાન છે. શાળામાં પ્રવેશ મેળવતાં તે પિંડ આકાર પામવા માટે તત્પર હોય છે. આપણે સૌ સહિયારા પ્રયાસ દ્વારા આ પિંડરૂપી બાળકને વ્હાલભર્યા હાથે ઘડતર કરી સર્વાંગી વિકાસની તકો પૂરી પાડીએ.

***"બલની, સદ્‌ગુણની, વિદ્યાની સદા સાધના કરીશું,***
***મા સરસ્વતીના અમે ઉપાસક નિત્ય નિરંતર રહીશું."***

કર્તવ્યની કેડી પર સમર્પિત ભાવે વિદ્યાર્થીઓને સ્વાશ્રયના પંથેવાળી, જ્ઞાનનાં અમૃત પ્રેમથી પીવડાવનાર શિક્ષક સમાજને જીવનનાં ઉચ્ચત્તમ મૂલ્યો પરત્વે અભિમુખ કરે છે.

આપણું બાળક એ વ્યક્તિ, કુટુંબ, સમાજ અને વ્યાપક સ્વરૂપે રાષ્ટ્રનો ક્રમિક પિરામીડ છે. આ પિરામીડ જેટલો સંગઠિત અને મજબૂત એટલો દેશનો વિકાસ ઝડપી બને. આજનું હસતું, ખેલતું, કિલ્લોલતું આપણું બાળક શિક્ષિત અને દીક્ષિત થઈ આવતી કાલે અવકાશમાં નવા ઉડ્ડયનો સર કરે છે, ત્યારે આપણે તેને કેવા હોંશભેર નવાજીએ છીએ !

રમેશભાઈ એલ. માછી
આ.શિ. લુહાર ફ.વર્ગ. પાલ્લા-પ્રા. શાળા
તા. ઘોઘંબા, જિ. પંચમહાલ

શાળા એ તો સંસ્કાર અને સંસ્કૃતિની ધરોહર છે. છલોછલ પરબ છે. તેમાથી આપણું બાળક દેવત્વપોષક શિક્ષણના પ્રેરણા પીયૂષ પીને "વસુદૈવ કુટુમ્બકમ્" ની ભાવના કેળવી દેશના સીમાડાઓને આંતરી તે વિશ્વના નકશામાં ગૌરવવંતુ સ્થાન મેળવે છે ત્યારે આપણે કેવા ગદ્‌ગદિત થઈએ છીએ !

ભારતમાતાના આપણા પનોતા સિંહબાળોએ આજે વિશ્વમાં વિવિધ ક્ષેત્રોમાં તેમનો વિજય ડંકો વગાડ્યો જ છે. આ સિંહબાળોની ગર્જના સમગ્ર વિશ્વમાં વ્યાપક સ્વરૂપે સંભળાય તે માટે ખૂંટતું પૂંરુ કરવાનો શુભ સંકલ્પ કરીએ.

"मे मनः शिवसंकल्पमस्तु, મારું મન-શિવ સંકલ્પોવાળું થાઓ."

**આપણો સંકલ્પ :**

મહાન ભારતની ભવ્ય શિક્ષણ પ્રણાલિકાઓનું સ્મરણ તાજું રાખી સત્ય, શીલ, સેવા અને સમર્પણના ઉચ્ચ સંસ્કારો પ્રેરતુ શિક્ષણ મારા વિદ્યાર્થીઓને બાળકોને આપવાની ફરજ પ્રત્યે સદાય જાગૃત રહીશું.

મારા બાળકો-વિદ્યાર્થીઓ મહાન ભારતના ઉત્તમ નાગરિકો બની રહે તે માટે મારા કર્તવ્યપથ ઉપર હંમેશાં કટિબદ્ધ રહીશું.

## અમારી પ્રતિજ્ઞા

ગુરુજન લો સત્ત નેજા અમારા જીવતરમાં
સન્મુખ જ્ઞાનની જ્યોત અમારા જીવતરમાં
પુનિત પુનિત કરમ અમારા
પુનિત પુનિત સાવક પ્યારા
પુનિત શારદ ધામ અમારા જીવતરમાં
પૂજા અમારી જ્ઞાનની ધુરા
પેગંબર છે દેવ અમારા
નિર્મળ સેવક ધર્મ અમારા જીવતરમાં
વેલ-મોટા થાશું ભલેજી
મોડા-વેલા કદિયે નવજી
સમયે રૈશુ ઈમાન અમારા જીવતરમાં
દુન્યવ તંત્રને ભૂલી અગારે
શારદ મંત્ર ભરી મંદિરે
ઊગી નૂતન સવાર અમારા જીવતરમાં
લોક ભલે અમ સંગે છળશે
ભેદ દિલે અમ કદિ ન ઝરશે
અજબની કુદરત દેન અમારા જીવતરમાં
સૌનું ઘડતર દેશ પનારો
દેશ દુલારો બનશે ન્યારો
ક્રાંતિ કરીએ યોગ અમારા જીવતરમાં
બાપુજીના સપના પૂરવા
પદવી તેજ ઉજાગર કરવા
ખંતે કરીએ ખેપ અમારા જીવતરમાં
વિલ્યૂ અમારી કરે કસોટી
થૈશું નમીને હેજા રજોટી
કદમ કટારની ધાર અમારા જીવતરમાં

હેમુભાઈ કલજીભાઈ તાવિયાડ
આ.શિ. ઉપલા ફળિયા ચીચાણી
તા. સંતરામપુર, જિ. પંચમહાલ

## મા સરસ્વતીને અર્ચન

થાળી ભરીને ફૂલ માતા
મંદિર તારે આવ્યો છું
ફૂલ ફૂલમાં દિલ માતા
પૂજન કરવા આવ્યો છું થાળી...૦
દર્શન આપો સરસ્વતીમા
શરણે તારે આવ્યો છું થાળી...૦
ફૂલથી જોડ્યા ફૂલ માતા
હાર બનાવી લાવ્યો છું થાળી...૦
ભાત-ભાતના ફૂલ માતા
એક જ તારે ગૂંથ્યા છે. થાળી...૦
કંઠે પહેરો હાર માતા
અર્ચન કરવા આવ્યો છું. થાળી...૦
દિલ દરિયામાં કમળ માતા
આશન લઈને આવ્યો છું. થાળી...૦
ધન ન માંગુ માન માતા
તન-મન દેવા આવ્યો છું. થાળી...
વિદ્યા બુદ્ધિ માંગુ માતા
અતૂટ આસ્થા લાવ્યો છું. થાળી...૦

## હિમાળેથી ગાડુ આવ્યુ

વર્ષા કેરુ વાદળ ચાલ્યુ
શરદ પૂનમનું આદળચાલ્યુ
હિમાળેથી ગાડુ આવ્યું
હિમના હિલોળા લાવ્યુ
દિવાળીના દિવા લાવ્યુ
મીઠાઈ કેરા મેવા લાવ્યુ
શરદી કેરી શેના લાવ્યા
ભોજન ખાણી ભૂખ લાવ્યુ
સુંદર સુંદર રૂપ લાવ્યુ
ગંજી ગોદડી ચાદર લાવ્યું
પતંગ માજો દોર લાવ્યું
રાત મહા ઉંઘોર લાવ્યુ
ખાટા મીઠા બોર લાવ્યુ
ભાજીના ભંડાર લાવ્યુ
કવાયતનું જંતર લાવ્યું
રોગોનું છૂમંતર લાવ્યુ
તન-મન-ધનમાં તોરલાવ્યું
ઘઉં ચણાને જીરલાવ્યુ
હસી ખુશી કે રમત લાવ્યુ
જગના સૌ જીવ જજને લાવ્યુ
હિમાળેથી ગાડુ આવ્યું.

## છરીનો દુરુપયોગ થોડાને મારે... બુદ્ધિનો દુરુપયોગ ઘણાને મારે...

એક એવા પ્રકારનાં વાહનો રાજમાર્ગ પર નિહાળવા મળે છે કે જેને આપણે દ્વિચક્રી (ટુ વ્હીલર) કહીએ છીએ ને બીજા એવા પ્રકારના મળે છે કે જેને આપણે ત્રિચક્રી (થ્રી વ્હીલર) કહીએ છીએ. બન્ને વચ્ચે તફાવતો ઘણા ઘણા દર્શાવી શકાય. પરંતુ ઊડીને આંખે વળગે એવો તફાવત એ નિહાળાય છે કે દ્વિચક્રી વાહન સ્વયં કદી ધરતી પર સ્થિર ખડું ન રહી શકે, એને સ્થિર ઊભું રાખવા 'સ્ટેન્ડ' અવશ્ય જોઈએ જ. જ્યારે ત્રિચક્રી વાહનને આવી કોઈ મર્યાદા નડતી નથી. 'સ્ટેન્ડ' વિના એ સ્વયમેવ ધરતી પર સ્થિર રહી શકે છે.

મતલબ ? મતલબ એ થયો કે ઓછામાં ઓછા ત્રણ આધાર જ્યાં હોય ત્યાં સ્થિરતા-ટકાઉપણું બહુ આસાન થઈ જાય છે. એટલે જ તો આપણે જીવનને સુદૃઢ સ્થિર બનાવે તેવા ત્રણ આધારરૂપ ગુણોની વિચારણા આરંભી છે.

એમાં હવે આપણે વિચારણા કરવાની છે બીજા ક્રમના ગુણની. એ છે બુદ્ધિનાં ક્ષેત્રે સમજદારી. બુદ્ધિ તો બહુ ખતરનાક તત્ત્વ છે, ભલા. જો એ સમજદારીથી વાસિત ન હોય તો ધારદાર છરી કરતાં પણ વધુ ભયંકર નીવડી શકે. ધારદાર છરીનો જો દુરુપયોગ થાય તો એ વધુમાં વધુ પાંચ-પચીસને ખતમ કરી શકે. કિંતુ બુદ્ધિનો જો દુરુપયોગ થાય તો એ પાંચસો કે પાંચ હજારને ય ખતમ કરી શકે !! હજુ એક પગલું આગળ વધીને હિટલરને યાદ કરીએ તો, એણે બુદ્ધિનો ખતરનાક ઉપયોગ કરીને ગેસચેમ્બરની યોજના દ્વારા સાઠ લાખ માનવોનો કચ્ચરઘાણ કાઢી નાંખ્યો !! બુદ્ધિના ખતરનાક દુરુપયોગનું આ સાંપ્રતકાલીન સૌથી વરવું ઉદાહરણ છે. જગતનું કોઈ કાતિલ પ્રાણી જેટલી વિરાટ હિંસા કરીને ખતરનાક નીવડી શકે એટલી વિરાટ હિંસા દુરુપયોગ પામેલી બુદ્ધિ કરીને ખતરનાક નીવડી શકે છે.

એક વાત ખબર છે ? અન્ન જ્યારે સંસ્કારિત થાય છે ત્યારે ખોરાકનું રૂપ-સ્વરૂપ પામે છે, એમ બુદ્ધિ જ્યારે સંસ્કારિત થાય છે ત્યારે સમજદારીનું રૂપ-સ્વરૂપ પામે છે. સમજદારી એટલે બુદ્ધિનું સંસ્કારિત સ્વરૂપ. અન્ન જો આપણે સંસ્કારિત કરેલું જ. ખોરાકરૂપે પરિણમેલું જ અનુકૂળ ગણીએ છીએ, તો બુદ્ધિ પણ આપણે સંસ્કારિત થયેલી જ. સમજદારીરૂપે પરિણમેલી જ અનુકૂળ ગણવી જોઈએ. ખોરાકરૂપે ન પરિણમેલું કાચું અન્ન જેમ નડ્યા વિના રહેતું ન હોવાનું આપણે માનીએ છીએ, એમ સમજદારી રૂપે ન પરિણમેલી-શઠતાભરી બુદ્ધિ પણ નડ્યા વિના ન રહેતી હોવાનું આપણે માનવું જોઈએ.

સમ્રાટ ફ્રેડરીક બીજો જર્મન પ્રજામાં આમ તો ખૂબ પ્રિય હતો. પરંતુ શાસક હોવાનાં કારણે પ્રજાહિતમાં ક્યારેય કોઈ કઠોર નિર્ણય પણ એને કરવા પડ્યા હતા. એ સમયે સંકુચિત માનસ ધરાવતાં અને વ્યક્તિવિરોધમાં રાચતાં કેટલાંક તત્વો પ્રજામાં રાજાવિરુદ્ધ ઉશ્કેરણી કરવા એ નિર્ણયોને વરવું સ્વરૂપ આપીને ચગાવતા. અલબત્ત, સમ્રાટની નિષ્ઠા નેક હોવાથી-વ્યક્તિત્વની છાપ ઉત્તમ હોવાથી વિરોધની સ્થાયી અસર ન રહેતી અને એ અલગ વાત હતી. પરંતુ વિરોધીઓ આવી તક ચૂકતા ન હતા.

એક અવસરની વાત. સમ્રાટે કરેલ કોઈ કઠિન નિર્ણયનાં નિમિત્તે વિરોધ ચગાવવા વિરોધીઓએ રાતોરાત બર્લિન શહેરના મુખ્ય ચોકમાં સમ્રાટની ઠઠ્ઠા-મશ્કરી કરતું વ્યંગચિત્ર લગાવીને એની નીચે રાજાને ઉતારી પાડતાં વાક્યો લખ્યા. તમાશાને તેડું ન હોય એ ન્યાયે સવાર સવારમાં ત્યાં મોટું ટોળું એકત્ર થઈ ગયું. તકલીફ એ હતી કે એ ચિત્ર ઘણી ઊંચાઈ પર હતું એથી વાંચવામાં મુશ્કેલી થતી હતી. છતાં ટોળું હોંશે હોંશે એની ચર્ચા કરતું હતું.

બરાબર એ સમયે બે-ચાર અંગરક્ષકો સાથે ફરવા નીકળેલ સમ્રાટ પણ ટોળાની નજીક આવી પહોંચ્યો. એની બુદ્ધિ સંસ્કારિત હોવાથી સમજદારીનું સ્તર ધરાવતી હતી. વિરોધી પ્રત્યે ઉશ્કેરાઈ જવાનું નહિ, બલ્કે એમનો ભિન્ન મત અમુક હદ સુધી સહી લેવાનું એનું વલણ હતું. એમને પણ એમની વાત રજૂ કરવાનો હક છે એવું એ સ્વીકારતો. સમ્રાટે વિલક્ષણ પગલું ભરીને ઊંચા સ્વરે સૈનિકોને આદેશ કર્યો : "એ ચિત્ર ખૂબ ઊંચે હોવાથી આ સહુને વાંચવામાં તકલીફ પડે છે. એને નીચે ઉતારીને એવાં વ્યવસ્થિત સ્થાને લગાવો કે આ બધા સરળતાથી વાંચી શકે !!" ટોળાએ સમ્રાટનો આદેશ સાંભળ્યો ને એની ખેલદિલીનો પ્રત્યક્ષ અનુભવ કર્યો. એ એવું શરમાઈ ગયું કે સમ ખાવા પૂરતી એક વ્યક્તિ પણ ત્યાં ઊભી ન રહી. સહુ નીચી નજરે રવાના થઈ ગયા !!

# જીવન આરસી

- ☞ જોવાની ઈચ્છા થાય તો 'હું' કેવો છું તે જ જોજો.
- ☞ રોવાની ઈચ્છા થાય તો અધમ કૃત્યો માટે જ રોજો.
- ☞ ખાવાની ઈચ્છા થાય તો સૌના સદ્‌ગુણ ખાજો.
- ☞ પાન કરવાની ઈચ્છા થાય તો મહાન પુરુષોની વાણીનું જ પાન કરજો.
- ☞ લૂંટવાની ઈચ્છા થાય તો જ્ઞાનને જ લૂંટજો.
- ☞ અભિમાની બનવાની ઈચ્છા થાય તો સ્વદેશાભિમાની જ બનજો.
- ☞ ક્રોધ કરવાની ઈચ્છા થાય તો પોતાના અપકૃત્યો પ્રત્યે ક્રોધી બનજો.
- ☞ સોબત કરવાની ઈચ્છા થાય તો સંતજનની જ સોબત કરજો.
- ☞ વાંચવાની ઈચ્છા થાય તો સચ્છાસ્ત્રો જ વાંચજો.
- ☞ કંઈક કરવાની ઈચ્છા થાય તો કોઈનું ભલું કરજો.
- ☞ નિંદા કરવાની ઈચ્છા થાય તો સ્વનિંદા જ કરજો.
- ☞ જો ડરવાની ઈચ્છા થાય તો પાપથી જ ડરજો.
- ☞ કપટ કરવાની ઈચ્છા થાય તો મોહ સાથે જ કપટ કરજો.
- ☞ વ્યસન કરવાની ઈચ્છા થાય તો ભગવાનના ભજનના ભજનનું વ્યસન કરજો.
- ☞ ઈર્ષા કરવાની ઈચ્છા થાય તો નારદના જેવી કરજો.
- ☞ કોઈનું કાંઈ લેવાની ઈચ્છા થાય તો તેના સદ્‌ગુણો જ લેજો.

# મારે માનવ બનવું છે

દિલ ઘડવું છે, મન ઘડવું છે : તન ઘડવું છે મારે,
દુનિયા સાથે સમતા રાખી, મારે માનવ બનવું છે.
દિલમાં દીનતા, હૈયે હીનતા, ખરાબ વિચારો કાઢી,
ગરીબ ધનથી, અમીર મનથી, મારે માનવ બનવું છે,
કામ, ક્રોધ, મદ, લોભના, મનના બધા મેલ ધોવા છે,
કોઈ સાબુની જરૂર ક્યાં છે ? નિર્મલ માનવ બનવું છે.
સત્તા લઈને સેવા કરતા, મેવા ખઈ ભેદભાવ કરતા,
હવે અહીં બધા સરખા છે, એવા માનવ બનવું છે.
અમીર બનીને કીર્તિ કાજે જીવવું અહીં શા માટે ?
ગરીબ જનની સેવા કરવા મારે માનવ બનવું છે.
પીડા કરતી શક્તિ સૌની શું કરવી છે મારે ?
ગાંધી કેરી વાણી પાળી, મારે માનવ બનવું છે.
હું મોટો, તું ખોટો, ઊંચનીચના વિચારોને કાઢી
આખા દેશને ઊંચો કરવા, મારે માનવ બનવું છે.
માયામાં સહુ અંધ બન્યા છે, ચશ્માં દેવા ભક્તિનાં,
પ્રભુનાં શુભ 'દર્શન' - કરવા મારે માનવ બનવું છે.

Book Post

To,

(માસિક)

રવાનગી કાર્યાલય :
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સંતરામપુર. જિ. પંચમહાલ.
ફોન અને ફેક્સ નં. (૦૨૬૭૫) ૨૨૦૦૫૯, ૨૨૦૦૬૨
Website : www.dietsantrampur.org
E-mail : diet_santrampur@yahoo.com
diet_santrampur@gujarat.gov.in